# ભારતનું બંધારણ

કેબિનેટ મિશન યોજના અંતર્ગત સૌ પ્રથમ ૧૯૪૬માં બંધારણ સભાની રચના થઈ હતી.

● **કેબિનેટ મિશન :**

→ કેબિનેટ મિશન અંતર્ગત ૯ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ બંધારણ સભાની પ્રથમ બેઠક મળી હતી. જેમાં ભારતનાં ૩૮૯ જેટલા અસ્થાયી અને ૭ સ્થાયી સભ્યો હતો.

→ અસ્થાયી અધ્યક્ષ : ડૉ. સચ્ચિદાનંદ સિન્હા

→ સ્થાયી / કાયમી અધ્યક્ષ : ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

→ બંધારણીય સલાહકાર : બી. એન. રાવ

→ ખરડા / પ્રારૂપ / ડ્રાફટીંગ / કાયદા સમિતિના અધ્યક્ષ : ડૉ. ભીમરાવ આંબેડકર

→ સાત સ્થાયી સભ્યોમાં એક માત્ર ગુજરાતી સભ્ય : ક.મા. મુનશી

→ એક માત્ર મહિલા સભ્ય : સરોજીની નાયડુ

બંધારણ સમિતિ દ્વારા ૯ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ બંધારણ ઘડવાની શરુઆત થઈ આ દિવસને ***ઝંડા દિવસ*** તરીકે ઓળખવામાં આવે છે.

૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ બંધારણ ઘડવાની પ્રક્રિયા પૂર્ણ થઈ. આ દિવસને ***કાયદા દિવસ*** તરીકે મનાવવામાં આવે છે.

આમ, બંધારણ ઘડવામાં ૨ વર્ષ, ૧૧ માસ અને ૧૮ દિવસ જેટલો સમય લાગ્યો હતો અને આશરે રૂ. ૬૪ લાખ જેટલો ખર્ચ થયો હતો.

બંધારણનો અમલ તા ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦થી શરુ થયો. આ દિવસ પ્રજાસત્તાક દિવસ તરીકે મનાવાય છે.

ભારતનું બંધારણ દુનિયાનું સૌથી લાંબુ અને સ્પષ્ટ બંધારણ છે. બંધારણ અમલમાં આવ્યું તે સમયે તેમાં ૨૨ ભાગ, ૩૯૫ અનુચ્છેદ અને ૮ અનુસૂચિઓ હતી. જયારે હાલ બંધારણમાં ૨૫ ભાગ, ૪૪૪+ કલમો અને ૧૨ અનુસૂચિ છે. તેમાં કુલ ૫૨૦ પાના છે.

→ બંધારણના મુખ્ય પાના પર ભારતનું રાષ્ટ્ર ચિહ્ન ચાર સિંહોની આકૃતિ અને આપણા દેશનું વાસ્તવિક નામ “Republic of India” લખેલું છે.

→ વારાણસીના અશોક સ્તંભમાંથી ચાર સિંહોની મુખાકૃતિને ભારતના રાષ્ટ્રીય ચિહ્ન તરીકે સ્વીકારી છે.

→ તેની નીચે દેવનાગરી લિપિમાં લખાયેલ ‘સત્ય મેવ જયતે’ વાક્ય ને રાષ્ટ્રીય વાક્ય તરીકે સ્વીકાર્યું છે જે મુંડક ઉપનિષદમાંથી લીધું છે.

→ ૨૪ જુલાઈ, ૧૯૪૭થી બંધારણ સભાએ રાષ્ટ્રધ્વજ સ્વીકાર્યો છે.

→ રાષ્ટ્રીય ગીત : ‘‘વંદે માતરમ્....’’

બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાયની ‘આનંદમઠ’ નામની નવલકથામાંથી લેવામાં આવ્યું છે. તે ૧૮૯૬ના કલકત્તા અધિવેશનમાં પ્રથમ વખત ગવાયું ત્યારે અધ્યક્ષ - રહીમતુલ્લાહ સયાની હતા.

→ રાષ્ટ્રગીત / રાષ્ટ્રગાન : ‘જન ગણ મન...’ ને ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ રાષ્ટ્રગાન તરીકે સ્વીકાર્યુ.

તે સૌ પ્રથમ ૧૯૧૧માં કોંગ્રેસના કલકત્તા અધિવેશનમાં ગવાયું હતું. ત્યારે અધ્યક્ષ પં. બિશન નારાયણધર હતા. તેનું ગાન ૫૨ સેકન્ડમાં પૂરું કરવાનું હોય છે.

રાષ્ટ્રગાનમાં જેનો ઉલ્લેખ છે તે ઉત્કલ એટલે ઓરિસ્સા, દ્રવિડ એટલે તામિલનાડુ અને બંગા એટલે બંગાળ.

ટાગોરના આ ગીતનું સૌપ્રથમ પ્રકાશન ૧૯૧૨માં તત્વબોધિની નામની પત્રિકામાં ‘‘ભારત વિધાતા’’ શિર્ષક હેઠળ થયું હતું.

→ રાષ્ટ્રીય નારો : 'જય હિન્દ....'

→ રાષ્ટ્રીય સૂત્રો : સત્યમેવ જયતે

→ રાષ્ટ્રીય કેલેન્ડર : શક સંવત : તેનો પ્રથમ માસ ચૈત્ર છે. (ઈ.સ. ૭૮થી)

→ રાષ્ટ્રીય પ્રાણી : વાઘ (The Royal Bangal Tiger)

→ રાષ્ટ્રીય વારસાગત પ્રાણી : હાથી

→ રાષ્ટ્રીય પક્ષી : મોર (Pavo Crystatus.)

→ ૧૯૩૫ના સ્વતંત્રધારામાં નીચે દર્શાવેલ મુદ્દાઓ અન્ય દેશોના બંધારણમાંથી સ્વીકારવામાં આવ્યા છે.

૧) ઈંગ્લેન્ડ : સંસદનો ખ્યાલ, સ્પીકરનો હોદ્દો, વડાપ્રધાન અને તેનું મંત્રી મંડળ

૨) અમેરિકા : આમુખનો ખ્યાલ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિનું પદ, મૂળભૂત અધિકાર

૩) ઓસ્ટ્રેલિયા : આમુખની ભાષા

૪) આયર્લેન્ડ : રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

૫) રશિયા : મૂળભૂત ફરજો

૬) જર્મની : કટોકટીની જોગવાઈ

૭) કેનેડા - સંઘાત્મક વ્યવસ્થા (મજબૂત કેન્દ્ર ધરાવતું સમવાયીતંત્ર)

૮) દક્ષિણ આફ્રિકા : સંશોધન પ્રક્રિયા (સુધારા - વધારાનો ખ્યાલ)

૯) ફ્રાન્સ : પ્રજાસત્તાક શાસન વ્યવસ્થા

૧૦) જાપાન : કાનૂન

● ***આમુખ :***

→ ભારતના બંધારણમાં આમુખ તૈયાર કરનાર : જવાહરલાલ નહેરુ

→ જવાહરલાલ નહેરુએ આમુખને બંધારણનો આત્મા કહ્યો છે.

→ ૧૯૭૩માં કેશ્વાનંદ ભારતી કેસના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે જાહેર કર્યું કે, 'આમુખ એ બંધારણનો જ એક ભાગ છે.'

→ ૧૯૭૬માં ૪૨માં બંધારણીય સુધારા દ્વારા આમુખમાં ભારતને સાર્વભોમ, સમાજવાદી, ધર્મનિરપેક્ષ અને લોકતાંત્રિક ગણરાજય કહેવાયું.

→ ગોલકનાથ કેસના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે જાહેર કર્યું કે, સંસદને બંધારણમાં સુધારા/વધારા કરવાનો અધિકાર છે. પરંતુ તેના મૂળભૂત માળખાને બદલવાનો અધિકાર નથી.

→ ભારતના બે કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્લી અને પુંડુચેરીમાં મુખ્યમંત્રી પદે છે. બાકીના બધા કેન્દ્રશાસિત પ્રદેશોનો વહિવટ રાજયપાલ દ્વારા થાય છે. (દિલ્હી મુખ્યમંત્રી : અરવિંદ કેજરીવાલ, પુડુચેરીમાં : વી. નારાયણ સ્વામી) છે

→ ૧૯૬૧માં ભારતીય સૈન્યએ દિવ-દમણ અને ગોવાને પોર્ટુગીસ પાસેથી મુક્ત કરી કેન્દ્રશાસિત પ્રદેશ બનાવ્યા.

→ ભાષા આધારિત રાજયોના પુનઃનિર્માણમાં સૌપ્રથમ આંધ્રપ્રદેશની રચના થઈ હતી.

● ***ભારતનું નાગરિકત્વ***

● ***કલમ ૧ થી ૪ (ભાગ ૧) (સંઘ, રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશો)***

- ***રાજયોનું લિસ્ટ અનુસૂચિ ૧માં છે.***

→ કલમ : ૫ થી ૧૧ (ભાગ ૨)

→ ભારતમાં એકલ નાગરિકત્વની વ્યવસ્થા છે.

→ એક માત્ર જમ્મુ-કાશ્મીરમાં બેવડા નાગરિકત્વની જોગવાઈ છે.

→ ભારતનું નાગરિકત્વ મેળવવાની ૫ રીતો છે.

૧) જન્મ દ્વારા, ૨) વંશાનુક્રમ દ્વારા, ૩) દસ્તાવેજ નોંધણી દ્વારા, ૪) દેશીયકરણની પદ્ધતિ દ્વારા, ૫) પ્રદેશોના સમાવેશ દ્વારા

## ● મૂળભૂત અધિકારો

કલમ : ૧૪ થી ૩૨ (ભાગ-૩)

૧) સમાનતાનો અધિકાર : (કલમ ૧૪ થી ૧૮)

કલમ - ૧૪ : કાયદા સમક્ષ સમાનતા

કલમ - ૧૫ : ભેદભાવ સામે રક્ષણ

કલમ - ૧૬ : જાહેર રોજગારીની બાબતમાં સમાનતા

કલમ - ૧૭ : અસ્પૃશ્યતા નાબૂદી

કલમ - ૧૮ : ખિતાબોની નાબૂદી

૨) સ્વતંત્રતાનો અધિકાર : (કલમ - ૧૯ થી ૨૨)

કલમ - ૧૯ : વાણી અભિવ્યક્તિની સ્વતંત્રતા

કલમ - ૨૦ : દોષારોપણ સામે રક્ષણ

કલમ - ૨૧ : જીવન જીવવાનો હક અને શારીરિક સ્વતંત્રતાનું રક્ષણ

કલમ - ૨૧(એ) : ૬ થી ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ મેળવવાનો અધિકાર

કલમ - ૨૨ : કેટલાક સંજોગોમાં ધરપકડ કે અટકાયત સામે રક્ષણ (આગોતરા જામીન)

➜ કલમ ૨૦ અને ૨૧ના મૂળભૂત અધિકારો કટોકરીના સમયે પણ નાબૂદ કરી શકાતા નથી.

૩) શોષણ સામેનો અધિકાર : (કલમ - ૨૩, ૨૪)

કલમ - ૨૩ : મનુષ્ય વેપાર કે બળજપરીથી મજૂરી પર પ્રતિબંધ

કલમ - ૨૪ : ૧૪ વર્ષની નીચેના બાળકોને મજૂરી સામે રક્ષણ

૪) ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર : (કલમ ૨૫ થી ૨૮)

૫) સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર : કલમ ૨૯, ૩૦

૬) બંધારણીય ઈલાજોનો હક : (કલમ - ૩૨)

ડૉ. ભીમરાવ આંબેડકરે કલમ-૩૨ ને બંધારણનો આત્મા કહ્યો છે. તેમાં મૂળભૂત અધિકારોનો અમલ કરાવવા માટે બંદી - પ્રત્યક્ષીકરણ, પરમાદેશ, પ્રતિષેધ, અધિકાર પૃચ્છા ઉચ્ચત્તમ ન્યાયાલયને આપવામાં આવી છે.

૭) પ્રાથમિક શિક્ષણનો અધિકાર : અનુચ્છેદ - ૨૧ (એ)

## ● અગત્યના આજ્ઞાપત્રો (Writ)

૧) હેબીયર્સ કોર્પસ : બંધી પ્રત્યક્ષીકરણ / શરીર હાજર કરો.

ગેરકાયદેસર ગોંધી રાખ્યા હોય તો ૨૪ કલાકમાં આરોપીને (જીવીત કે મૃત) હાજર કરવાનો અદાલતનો આદેશ.

૨) મેન્ડેમસ : (પરમાદેશ) :

કોઈ સાર્વજનિક અધિકારી પોતાની ફરજનું પાલન ન કરતો હોય તો, ફરિયાદીના કેસને આધારે અદાલત દ્વારા તે અધિકારીને પોતાની ફરજનું પાલન કરવાનો આદેશ.

૩) પ્રોહિબિશન : (પ્રતિરોધ)

નીચલી અદાલતને પોતાના અધિકાર ક્ષેત્રમાં રહીને ચુકાદો આપવાનો ઉપલી અદાલતનો આદેશ.

૪) સર્ટિઓરરી : (ઉત્પ્રેક્ષણ)

નીચલી અદાલતના ચુકાદામાં સ્પષ્ટપણે કોઈ કાયદાકીય ભૂલ હોય તો ચુકાદામાં ફેરબદલ કરવાનો ઉપલી અદાલતનો

આદેશ.

પ) ક્વૉ-વૉરન્ટો : (અધિકાર પૃચ્છા)

કોઈ જાહેર અધિકારી એક સાથે બે લાભના પદ ભોગવતા હોય તો તે કયા હકથી તે હોદ્દો ભોગવે છે ? એવી કોર્ટની પૃચ્છા (છેલ્લે સોનિયા ગાંધી સમક્ષ વિપક્ષે આ Writ દાખલ કરી હતી હતી કારણ કે, તેઓ UPA અને કોંગ્રેસ બંનેના ચેરપર્સન હતાં.)

→ મૂળભૂત અધિકારોની મોકૂફતા :

→ કટોકટીના સમયે અનુચ્છેદ ૩૫૮ મુજબ મૂળભૂત હકોને મોકૂફ રાખી શકાય છે.

→

→ ગમે તેવી કટોકટીના સંજોગોમાં પણ અનુચ્છેદ ૨૦ અને ૨૧ના મૂળભૂત અધિકારોને મોકૂફ કરી શકાતા નથી.

● ***રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો***

***(કલમ - ૩૬ થી ૫૧) (ભાગ - ૪)***

→ આયર્લેન્ડના બંધારણમાંથી લેવામાં આવ્યા છે.

→ તેમાં રાજયનો વહીવટ વ્યવસ્થિત રીતે ચલાવવા માટે ગાંધીજીના વિચારો પ્રમાણે રાજનીતિનું માર્ગદર્શન આપતા સિદ્ધાંતો છે.

→ આ સિદ્ધાંતો વ્યવસ્થિત રીતે વહીવટ કરવા માટેનું માત્ર માર્ગદર્શન આપે છે. આ સિદ્ધાંતોનો અમલ કરાવવા માટે ન્યાયાલય ફરજ પાડી શકે નહિ.

● ***મૂળભૂત ફરજો : કલમ - ૫૧ (એ) (ભાગ - ૪ (ક))***

→ રશિયાના બંધારણમાંથી લીધેલ છે.

→ તેમાં ભારતના દરેક નાગરિકને પાલન કરવાની કુલ ૧૧ મૂળભૂત ફરજો દર્શાવેલ છે.

● ***સંઘ : (શાસન વ્યવસ્થા)***

***(ભાગ-૫)***

→ રાષ્ટ્રપતિ : (કલમ - ૫૨)

સર્વોચ્ચ બંધારણીય / કાયદાકીય / કારોબારીના વડા. સર્વોચ્ચ વડા તરીકે રાષ્ટ્રપતિની જોગવાઈ છે.

→ રાષ્ટ્રપતિ અમેરિકાના બંધારણમાંથી લેવામાં આવ્યું છે.

→ રાષ્ટ્રપતિની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે. (લોકસભા, રાજયસભા અને તમામ રાજયોની વિધાનસભાઓના ચૂંટાયેલા સભ્યો)

→ રાષ્ટ્રપતિપદની ઉમેદવારી માટે રૂ.૨૫,૦૦૦/- ડિપોઝીટ ભરવી પડે છે અને ચૂંટણીમાં ૧/૬ ભાગના મત ન મળે તો ડિપોઝીટ જપ્ત કરવામાં આવે છે.

→ રાષ્ટ્રપતિ ભવન દિલ્હીના રાયસીના પહાડ પર આવેલું છે.

● ***રાષ્ટ્રપતિ પદ માટેની લાયકાત :***

→ લઘુત્તમ વયમર્યાદા : ૩૫ વર્ષ

→ ભારતનો નાગરિક હોવો જોઈએ.

→ તે કોઈ પણ સરકારી હોદ્દા પર સવેતન નોકરી કરતો ન હોવો જોઈએ.

→ લોકસભાના સભ્ય બનવા માટે જરૂરી દરેક લાયકાત ધરાવતો હોવો જોઈએ.

● ***રાષ્ટ્રપતિની સત્તા અને કાર્યો :***

→ સંસદ દ્વારા પસાર કરવામાં આવેલો ખરડો રાષ્ટ્રપતિની સહી થયા બાદ કાયદો બને છે.

→ કોઈ ખરડો નાણાકીય ખરડો છે કે નહિં ? તે નક્કી કરવાની સત્તા રાષ્ટ્રપતિને નહિં પરંતુ લોકસભાના સ્પીકરને છે.

- ➙ રાષ્ટ્રપતિ આંતરરાષ્ટ્રીય ફોરમમાં ભારતનું નેતૃત્ત્વ કરે છે.
- ➙ ઉપરાષ્ટ્રપતિ અને સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ શપથ લેવડાવે છે.
- ➙ દરેક રાજયમાં એક રાજયપાલ, સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની, U.P.S.C ના ચેરમેન અને અન્ય સભ્યોના દરેક રાજયની વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશોની, એટર્ની જનરલની, કંમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલની નિમણૂંક કરે છે. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશની મદદથી સર્વોચ્ચ અદાલતના અન્ય ન્યાયાધિશોની નિમણૂંક કરે છે. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશની મદદથી સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશોની નિમણૂંક કરે છે.
- ➙ અનુચ્છેદ ૨૮૦ મુજબ દર પાંચ વર્ષે નાણાપંચની રચના કરે છે.
- ➙ અનુચ્છેદ ૩૨૪ મુજબ દર પાંચ વર્ષે ચૂંટણીપંચની રચના કરે છે અને મુખ્ય ચૂંટણી કમિશ્નરની નિમણૂંક કરે છે.
- ➙ સંચિત નીધિમાંથી નાણાં ઉપાડવા માટે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી મેળવવી ફરજિયાત છે. (સરકારની દરેક આવક સંચિતનીધિમાં જમા થાય છે.)
- ➙ સર્વોચ્ચ અદાલતે આપેલી સજામાં ફેરબદલ કે રદબાતલ કરી શકે છે. ફાંસીની સજા પણ રદ કરી શકે છે.
- ➙ અનુચ્છેદ ૩૪૪ મુજબ ભાષા પંચની રચના કરે છે. (આઠમી અનુસૂચિત મુજબ)
- ➙ RBI ગવર્નર અને જ્ઞાન આયોગના ચેરમેનની નિમણૂંક કરે છે.
- ➙ લોકસભામાં બે ઍંગ્લો-ઈન્ડિયન સભ્યોની, રાજયસભામાં ૧૨ સભ્યોની અને વિધાનપરિષદમાં ૧/૧૨ સભ્યોની નિમણૂંક કરે છે.
- ➙ જયારે એક પણ ગૃહનું સત્ર ચાલુ ન હોય અને રાષ્ટ્રપતિને કાયદો ઘડવાની જરૂર જણાય તો તે વટહુકમ બહાર પાડી સત્ર બોલાવી શકે છે.
- ➙ રાષ્ટ્રપતિને નીચે મુજબની કટોકટી લાગુ પાડવાની સત્તા છે.
  - કલમ : ૩૫૨ - રાષ્ટ્રીય કટોકટી
  - કલમ : ૩૫૬ - બંધારણીય કટોકટી / રાજયમાં રાજકીય કટોકટી
  - કલમ : ૩૬૦ - નાણાંકીય કટોકટી
- ➙ લોકસભાની મુદત લંબાવવાની કે બરખાસ્ત કરવાની સત્તા ધરાવે છે.
- ➙ રાષ્ટ્રપતિને પદ પરથી દૂર કરવા માટે કલમ-૬૧માં ઉલ્લેખિત 'મહાભિયોગ' એકમાત્ર ઉપાય છે.

● ***યાદ રાખવા જેવા રાષ્ટ્રપતિઓ :***

૧) ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ : ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

૨) સૌથી વધારે સમય પદ પર રહેનાર રાષ્ટ્રપતિ : ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

૩) સૌથી વધારે વટહુકમ બહાર પાડનાર રાષ્ટ્રપતિ : ફકરુદ્દીન અલી અહેમદ

૪) સૌથી ઓછા સમય માટે પદ પર રહેનાર : ઝાકીર હુસૈન

૫) ઉપરાષ્ટ્રપતિ પર પર રહ્યા સિવાય સીધા જ રાષ્ટ્રપતિ પદ પર આવનાર : જ્ઞાની ઝૈલસિંઘ (સૌપ્રથમ પૉકેટ વીટોનો ઉપયોગ કરનાર)

૬) વખત રાષ્ટ્રપતિ પદ ભોગવનાર : એમ. હિદાયતુલ્લાહ

૭) સૌપ્રથમ કાર્યકારી રાષ્ટ્રપતિ : ડૉ. વી.વી. ગીરી

૮) બિનહરીફ ચૂંટાઈ આવનાર : નિલમ સંજીવ રેડ્ડી

૯) સૌથી નાની વયે રાષ્ટ્રપતિ બનનાર : નિલમ સંજીવ રેડ્ડી

૧૦) સૌપ્રથમ મહિલા રાષ્ટ્રપતિ : પ્રતિભાદેવી સિંહ પાટીલ

- ➙ આંતરરાજય સમિતિના ચેરમેન, SC, ST કમિશનના ચેરમેન અને સભ્યોની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે.

- ભારતના રાષ્ટ્રપતિ પાસે વીટો પાવર છે.
- રાષ્ટ્રપતિ પોતાનું રાજીનામું ઉપરાષ્ટ્રપતિને સંબોધીને આપે છે. ઉપરાષ્ટ્રપતિની ગેરહાજરીમાં સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશને સંબોધીને આપે છે.
- રાષ્ટ્રપતિને શપથ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ લેવડાવે છે.
- વિધાનપરિષદના સભ્યો રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાગ લઈ શકતા નથી.

● ***કોરમ :***

કોઈપણ ગૃહની કાર્યવાહી શરુ કરવા માટે ઓછામાં ઓછા ૧/૧૦ સભ્યોની હાજરી જરૂરી છે. તેને કોરમ કહે છે.

લોકસભા = ૫૪૫/૧૦ = ૫૫ સભ્યો

રાજયસભા = ૨૫૦/૧૦ = ૨૫ સભ્યો

● ***નાણાંકીય સત્તાઓ :***

- કોઈપણ નાણાંકીય ખરડો રાષ્ટ્રપતિની સહી સિવાય લોકસભામાં રજૂ થઈ શકતો નથી.
- નાણાંપ્રધાન દેશનું વાર્ષિક અંદાજપત્ર તથા રેલવેપ્રધાન રેલવે (તાજેતરમાં આવેલ નિર્ણય અનુસાર રેલવે બજેટને અલગ રાખવાની ૯૨ વર્ષની પરંપરાનો અંત આવશે.) બજેટ રાષ્ટ્રપતિના નામે લોકસભામાં રજૂ કરે છે.
- રાષ્ટ્રપતિ નાણાંકીય ખરડાનો અસ્વીકાર કરીને રોકી શકતા નથી.

● ***કટોકટી***

***ભાગ - ૧૮ (કલમ - ૩૫૨ થી ૩૬૦)***

- જર્મનીના બંધારણમાંથી લીધી છે.

***૧) કલમ - ૩૫૨ - રાષ્ટ્રીય કટોકટી : (કલમ ૩૫૨)***

રાષ્ટ્રમાં યુદ્ધ, રમખાણ જેવા સમયમાં આ કટોકટી લાગુ પાડવામાં આવે છે.

- ભારતમાં ૧૯૬૨માં ચીનના આક્રમણ સમયે, ૧૯૬૫માં પાકિસ્તાન સાથેના યુદ્ધના સમયે, ૧૯૭૫ થી ૧૯૭૭ સુદી આંતરિક અશાંતિના સંદર્ભમાં રાષ્ટ્રીય કટોકટી લાગુ પાડવામાં આવી છે.
- કટોકટીની જાહેરાત થતાં જ કલમ ૨૦ અને ૨૧માં ઉલ્લેખિત મૂળભૂત હકો સિવાયના તમામ (કલમ-૧૯માંનો મૂળભૂત હક, રાષ્ટ્રપતિની સૂચનાઅનુસાર) નાબૂદ થઈ જાય છે.

***૨) કલમ - ૩૫૬ : બંધારણીય કટોકટી : (કલમ - ૩૫૬)***

- કોઈ પણ રાજયનો વહીવટ વ્યવસ્થિત રીતે (બંધારણીય રીતે) ચાલતો ન હોય ત્યારે તે રાજય પૂરતી બંધારણીય કટોકટી રાષ્ટ્રપતિ જાહેર કરે છે.
- સૌ પ્રથમ વખત કેરળમાં બંધારણીય કટોકટી જાહેર થઈ હતી અને રાષ્ટ્રપતિ શાસન લાગ્યું હતું.
- અત્યાર સુધી સૌથી વધુ ૧૧ વખત પંજાબમાં બંધારણીય કટોકટી જાહેર થઈ છે.
- ગુજરાતમાં ૫ વખત રાષ્ટ્રપતિશાસન લાગુ પડ્યું છે.

૧૯૭૧માં હિતેન્દ્રભાઈ દેસાઈના સમયમાં - ડૉ. શ્રીમન્નારાયણ રાજયપાલ

૧૯૭૪ - ચીમનભાઈ પટેલ - કે. વિશ્વનાથન

૧૯૭૬ - બાબુભાઈ પટેલ - કે. વિશ્વનાથન

૧૯૮૦ - બાબુભાઈ પટેલ - શારદા મુખર્જી

૧૯૯૬ - સુરેશચંદ્ર મહેતા - શ્રી કૃષ્ણપાલ સિંઘ

- કોઈ પણ રાજયમાં કટોકટી વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી લાગુ કરી શકાય.

***૩) નાણાંકીય કટોકટી : (કલમ - ૩૬૦)***

- સરકારની તિજોરીમાં નાણાં વધારે પડતા ઘટી કે વધી જાય ત્યારે નાણાંકીય કટોકટી જાહેર કરવામાં આવે છે.

→ ભારતમાં હજુ સુધી એક પણ વખત નાણાંકીય કટોકટી જાહેર થઈ નથી.

## ● મહાભિયોગ

**(ભાગ-૫, કલમ - ૬૧)**

→ રાષ્ટ્રપતિ, કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ તથા સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરવા માટે મહાભિયોગની પ્રક્રિયા હાથ ધરવી પડે.

→ ૧૪ દિવસ પહેલા ગૃહની કુલ સંખ્યાના ૧/૪ સભ્યોની સંમતિથી પસાર કરાયેલા પ્રસ્તાવને જો ૨/૩ સભ્યોની બહુમતિ મળે, તો જેની સામે મહાભિયોગની પ્રક્રિયા કરવામાં આવી હોય તે બરતરફ થાય છે.

→ રાષ્ટ્રપતિ ઉપરાષ્ટ્રપતિને સંબોધીને પોતાનું રાજીનામું આપે છે.

→ રાષ્ટ્રપતિ પદ ખાલી પડે તેના ૬ માસમાં ચૂંટણી કરવી પડે છે. તે દરમિયાન ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ તરીકે કામગીરી બજાવે છે અને રાષ્ટ્રપતિના ભથ્થાં મેળવે છે.

## ● ઉપરાષ્ટ્રપતિ

**(ભાગ - ૫, કલમ - ૬૩)**

→ બંધારણની કલમ ૬૩માં ઉપરાષ્ટ્રપતિની જોગવાઈ છે.

→ કલમ - ૬૪માં તેમને હોદ્દાની રૂએ રાજયસભાના ચેરમેનનું પદ આપ્યું છે.

→ લઘુત્તમ વય મર્યાદા : ૩૫ વર્ષ

→ તેમની નિમણૂંક : ૫ વર્ષ માટે કરવામાં આવે છે.

→ ઉપરાષ્ટ્રપતિ પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને સંબોધીને આપે છે.

→ લોકસભા અને રાજયસભાના સભ્યો દ્વારા સંયુક્ત બેઠકમાં ગુપ્ત મતદાન દ્વારા ઉપરાષ્ટ્રપતિની નિમણૂંક થાય છે.

→ રાજયસભાના સભ્ય બનવા માટે જરૂરી તમામ લાયકાતો હોવી જોઈએ.

→ ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની શપથ રાષ્ટ્રપતિ અથવા તેમણે આ માટે નીમેલી વ્યક્તિ સામે લે છે.

## ● મંત્રીમંડળ

**(ભાગ - ૫, કલમ - ૭૪)**

→ ભારતના બંધારણની કલમ ૭૪માં મંત્રીમંડળની જોગવાઈ છે. તે પ્રમાણે રાષ્ટ્રપતિને સહાય કરવા તથા સલાહ આપવા માટે મંત્રીમંડળ રહેશે. જેના વડા પ્રધાનમંત્રી હોય.

→ રાષ્ટ્રપતિ વડાપ્રધાનની નિમણૂંક કરે છે તથા વડાપ્રધાનની સલાહથી મંત્રીમંડળના અન્યમંત્રીઓની નિમણૂંક કરે છે.

→ મંત્રીમંડળમાં પ્રધાનમંત્રી સહિત મંત્રીઓની કુલ સંખ્યા લોકસભાના સભ્યોની કુલ સંખ્યાના ૧૫% થી વધુ હોવી જોઈએ નહિ.

→ મંત્રીમંડળ સામૂહિક રીતે લોકસભાને જવાબદાર હોય છે.

→ મંત્રીમંડળના મંત્રી હોદ્દાના શપથ રાષ્ટ્રપતિ સમક્ષ લે છે.

→ મંત્રીઓ રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી હોદ્દો ધરાવે છે.

## ● વડાપ્રધાન

**(ભાગ - ૫)**

→ ભારતના બંધારણમાં વડાપ્રધાનની જોગવાઈ કલમ ૭૪માં છે.

→ કલમ-૭૮માં વડાપ્રધાનની ફરજો દર્શાવી છે.

→ વડાપ્રધાન ભારતનો વહીવટી વડો છે.

→ લોકસભામાં જે પક્ષને બહુમતી મળે તે પક્ષમાંથી વડાપ્રધાનની પસંદગી કરવામાં આવે છે.

→ વડાપ્રધાન હોદ્દાના શપથ રાષ્ટ્રપતિ સમક્ષ લે છે.

→ વ્યક્તિગત રીતે મંત્રીમંડળ વડાપ્રધાનને જવાબદાર હોય છે.

→ હોદ્દાની રૂએ વડાપ્રધાન આયોજનપંચ અને રાષ્ટ્રીય વિકાસ પરિષદના અધ્યક્ષ હોય છે.

→ લઘુત્તમ વયમર્યાદા : ૨૫ વર્ષ

→ કાર્યકાળ : ૫ વર્ષ

→ જો સરકાર બહુમતી ગુમાવે તો વડાપ્રધાને રાજીનામું આપવું પડે.

● **યાદ રાખવા જેવા વડાપ્રધાનો :**

૧. ભારતના પ્રથમ લઘુમતી સરકારના વડાપ્રધાન છે : ચૌધરી ચરણસિંહ

૨. ભારતના સૌપ્રથમ વડાપ્રધાન : જવાહરલાલ નહેરુ (સમાધિ : શાંતિઘાટ)

૩. એક પણ દિવસ સંસદનો સામનો ન કર્યો હોય તેવા : ચૌધરી ચરણસિંહ

→ ચૌધરી ચરણસિંહની સમાધિ : કિસાન ઘાટ

૪. ભારતના સૌપ્રથમ કાર્યકારી વડાપ્રધાન : ગુલઝારીલાલ નંદા

→ ગુલઝારીલાલ નંદાની સમાધિ : નારાયણઘાટ, અમદાવાદ

૫. ભારતના એકમાત્ર વડાપ્રધાન કે જેમને સત્તા પરથી બરતરફ કરવામાં આવ્યા હોય : ઈન્દિરા ગાંધી

૬. સૌથી નાની વયે વડાપ્રધાન બનનાર : રાજીવ ગાંધી → (પક્ષપલટો કાનૂન લાવનાર)

૭. સૌથી મોટી વયે વડાપ્રધાન બનનાર : મોરારજી દેસાઈ

૮. સૌપ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન : મોરારજી દેસાઈ

→ મોરારજી દેસાઈની સમાધિ : અભયઘાટ, અમદાવાદ

૯. બિનજોડાણની નીતિ પર સહી કરનાર : જવાહરલાલ નહેરુ

૧૦. ઉદારીકરણની નીતિ દાખલ કરનાર : પી.વી. નરસિમ્હા રાવ

૧૧. મુદત પૂરી થતાં પહેલા સ્વેચ્છાએ રાજીનામું આપનાર પ્રથમ વડાપ્રધાન : મોરારજી દેસાઈ

૧૨. વિદેશી ભૂમિ પર મૃત્યુ પામનાર વડાપ્રધાન : લાલ બહાદુર શાસ્ત્રી

૧૩. કોર્ટે સજા ફરમાવી હોય તેવા વડાપ્રધાન : પી.વી. નરસિમ્હા રાવ

૧૪. સૌથી ઓછા સમય માટે પદ પર રહેનાર : અટલ બિહારી વાજપેયી

૧૫. U.N. માં હિન્દી ભાષણ કરનાર : અટલ બિહારી વાજપેયી

૧૭. પ્રથમ મહિલા વડાપ્રધાન : ઈન્દિરા ગાંધી

૧૮. હાલના વડાપ્રધાન : નરેન્દ્ર મોદી

પાંચ વર્ષની મુદત પૂરી થતાં પહેલા જો વડાપ્રધાન વિરુદ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ ૨/૩ બહુમતીથી પસાર થાય તો વડાપ્રધાને ફરજીયાત રાજીનામું આપવું પડે છે.

→ જો વડાપ્રધાન રાજીનામું આપે કે સત્તા દરમિયાન મૃત્યુ પામે તો મંત્રીમંડળ વિખેરાઈ જાય છે અને સરકાર પડી ભાંગે છે.

● **નાયબ વડાપ્રધાન**

→ ભારતના બંધારણમાં નાયબ વડાપ્રધાનનું કોઈ પદ નથી.

→ દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન : સરદાર વલ્લભભાઈ પટેલ

→ દેશના અંતિમ નાયબ વડાપ્રધાન : લાલકૃષ્ણ અડવાણી

● **સંસદ**

***(ભાગ - ૫, કલમ - ૭૯)***

→ સંસદની જોગવાઈ બંધારણની કલમ - ૭૯માં છે.

- સંસદ રાષ્ટ્રપતિ, લોકસભા અને રાજયસભાની બનેલી છે.
- સંસદ એ દેશની સર્વોચ્ચ ધારાકીય (કાયદાકીય) સત્તા છે.
- સંસદના બે સત્ર વચ્ચે વધુમાં છ માસનો ગાળો હોય. એટલે કે એક વર્ષમાં ઓછામાં ઓછી બે વાર સત્ર મળે છે.
- સંસદનું મુખ્યકામ કાયદા ઘડવાનું, તેમાં ફેરફાર કરવાનું અને તેને રદબાતલ કરવાનું છે.
- જયારે સંસદની સંયુક્ત બેઠક થાય એટલે કે રાજયસભા અને લોકસભાની સંયુક્ત બેઠક થાય ત્યારે તેનું નેતૃત્ત્વ લોકસભાના અધ્યક્ષ કરે છે.
- ભારતીય બંધારણમાં ફેરફાર કરવાની સત્તા અનુચ્છેદ ૩૬૮ મુજબ સંસદ પાસે છે.
- કોઈ પણ રાજયમાં વિધાન પરિષદની સ્થાપના કે નાબૂદીનો અધિકાર સંસદ પાસે છે.
- કોઈ પણ રાજયમાં રાષ્ટ્રપતિ શાસન (કટોકટીની મુદત) લંબાવવું કે નહિં તેનો અધિકાર સંસદ પાસે છે.
- સર્વોચ્ચ અદાલતના અધિકારક્ષેત્રમાં વધારો કે ઘટાડો કરવાની સત્તા સંસદને છે.
- રાજયમાં નવા ક્ષેત્રનો સમાવેશ કે કાપ કરવાની સત્તા સંસદને છે.
- કોઈપણ ગૃહનો સભ્ય પૂર્વમંજૂરી મેળવ્યા સિવાય ૬૦ દિવસ સુધી ગેરહાજર રહે તો તેનું સભ્યપદ રદ કરવામાં આવે છે.
- સામાન્ય રીતે કેન્દ્ર સરકારના (સંઘ યાદીના) ૯૭ વિષયો પર કાયદો ઘડવાની કે તેમાં ફેરફાર કે રદ કરવાની સત્તા સંસદને છે. પરંતુ કટોકટીના સમયમાં રાજયયાદીના ૬૬ વિષયો પર પણ સંસદ કાયદો ઘડી શકે છે.
- દેશની નાણાંકીય બાબતો પર સંપૂર્ણ અંકુશ સંસદનો હોય છે. સંસદની મંજૂરી વિના કોઈ પણ જાતના કરવેરા લાગુ કરી શકાતા નથી.
- બજેટ મંજૂર કે નામંજૂર કરવાનો અધિકાર સંસદને છે. જો સંસદ બજેટને નામંજૂર કરે તો સરકારે રાજીનામું આપવું પડે.
- મહાભિયોગની પ્રક્રિયા કરવાની સત્તા એકમાત્ર સંસદને છે.

## ● લોકસભા

***(કલમ - ૮૧)***

- બંધારણની કલમ-૮૧માં સંસદના નીચલા ગૃહ તરીકે લોકસભાની જોગવાઈ છે. લોકસભા બિનકાયમી ગૃહ છે.
- મહત્તમ સભ્ય સંખ્યા : ૫૪૩ + ૨ + ૭ (P.O.K) = ૫૫૨

  ૫૪૩ સભ્યો ચૂંટણી દ્વારા અને ૨ એંગ્લો ઈન્ડિયન સભ્યની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે.
- ચૂંટણી પ્રક્રિયા : પ્રત્યક્ષ → કાર્યકાળ : પાંચ વર્ષ
- રાષ્ટ્રીય કટોકટી વખતે લોકસભાની મુદત વધુમાં વધુ ૧ વર્ષ સુધી લંબાવી શકાય.
- ૫ વર્ષની મુદત પૂરી થયા પહેલા જો વડાપ્રધાન પર અવિશ્વાસનો પ્રસ્તાવ મંજૂર થાય કે વડાપ્રધાન સ્વેચ્છાએ રાજીનામુ આપે તો લોકસભા આપોઆપ બરતરફ થાય છે.
- કોરમ માટે ૧૦% એટલે કે ૫૫ સભ્યોની હાજરી અનિવાર્ય છે.
- કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૨૦ સભ્યો લોકસભામાં લેવાય છે.
- લોકસભામાં અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર કરવા ઓછામાં ઓછા ૫૦ સભ્યોની રજૂઆત અનિવાર્ય છે.
- લોકસભામા વિપક્ષ રચવા ૧/૧૦ સભ્યો ચૂંટાયેલા હોવા જોઈએ.
- લોકસભામાં અધ્યક્ષ ન હોય તો તેમની કામગીરી ઉપાધ્યક્ષ સંભાળે છે
- લોકસભામાં શાંતિ જાળવવા સ્પીકર 'સાર્જન્ટ એટ આર્મ્સ'ની મદદ લે છે.
- લોકસભામાં કોઈ મુદ્દા પર એક સરખા મત પડે ત્યારે સ્પીકર (અધ્યક્ષ) નિર્ણાયક મત આપે છે. જેને કાસ્ટીંગ વોટ કહે

છે.

- લોકસભા અને રાજયસભાની સંયુક્ત બેઠકમાં અધ્યક્ષનું સ્થાન લોકસભાના અધ્યક્ષ લે છે.
- લોકસભામાં સૌથી વધુ બેઠકો ઉત્તરપ્રદેશની અને સૌથી ઓછી સિક્કીમની છે.
- લોકસભાએ પસાર કરેલા નાણાં ખરડાં અંગે રાજયસભા ૧૪ દિવસમા કોઈ નિર્ણય ન લે તો તે બંને સદનમાંથી મંજૂર થયેલો ગણાય.
- અવિશ્વાસનો મત માત્ર લોકસભાના સભ્યો જ રજૂ કરી શકે છે. રાજયસભાના નહિ.
- લોકસભાની હાલની સભ્ય સંખ્યા ૧૯૭૧ની વસ્તી ગણતરી પર આધારિત છે. ૨૦૦૧માં ૮૪માં થયેલા બંધારણીય સુધારા દ્વારા ૨૦૨૬ સુધી આ સંખ્યામાં વધારો નહિ કરવાનો નિર્ણય લીધો છે.
- લોકસભાના સભ્ય બનવા માટે લઘુત્તમ વયમર્યાદા : ૨૫ વર્ષ

### ● *પ્રોટેમ સ્પીકર : (કામચલાઉ અધ્યક્ષ)*

લોકસભાની ચૂંટણી બાદ પ્રથમ વાર બેઠક મળી હોય ત્યારે સૌથી વરિષ્ઠ સભ્યને કામચલાઉ અધ્યક્ષ તરીકે નીમવામાં આવે છે. જેને રાષ્ટ્રપતિ શપથ લેવડાવે છે. તેઓ લોકસભાના અન્ય સભ્યોને શપથ લેવડાવે છે.

- પ્રોટેમ સ્પીકર કાયમી અધ્યક્ષની ચૂંટણી કરે છે અને તેમાં નિર્ણાયક મત (કાસ્ટીંગ વૉટ) આપવાની સત્તા ધરાવે છે.
- પ્રથમ પ્રોટેમ સ્પીકર : માણેકરાવ ગાવીત
- લોકસભામાં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી ગૃહના સભ્યો બહુમતીથી કરે છે. બહુમતી ધરાવતા પક્ષના સભ્યની અધ્યક્ષ અને વિરોધપક્ષના સભ્યની ઉપાધ્યક્ષ તરીકે ચૂંટણી થાય છે.
- નાણાંકીય ખરડો સૌપ્રથમ લોકસભામાં પસાર થાય.
- કોઈ પણ ખરડો નાણાંકીય ખરડો છે કે નહિં તે નક્કી કરવાની સત્તા લોકસભાના અધ્યક્ષને છે.
- લોકસભાના પ્રથમ અધ્યક્ષ : ગણેશ વાસુદેવ માવળંકર
- લોકસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ : મીરાંકુમાર

### ● *રાજયસભા*

*(કલમ - ૮૦)*

- બંધારણની કલમ ૮૦માં સંસદના ઉપલા ગૃહ તરીકે રાજયસભાની જોગવાઈ છે. તે કાયમી ગૃહ છે.
- ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજયસભાના અધ્યક્ષ હોય છે.
- મહત્તમ સભ્ય સંખ્યા : ૨૫૦, કોરમ : ૨૫
- રાજયસભાના સભ્યની મુદ્દત ૬ વર્ષની હોય છે. દર બે વર્ષે ૧/૩ સભ્યો નિવૃત્ત થાય છે અને તેટલા જ નવા સભ્યો ઉમેરાય છે. આમ, રાજયસભાનું કયારેય વિસર્જન થતું નથી તેથી તેને કાયમી ગૃહ કહે છે.
- મહત્તમ ૨૫૦ સભ્યોમાંથી ૧૨ સભ્યોની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે. આ બાર સભ્યો જુદા - જુદા ક્ષેત્રોમાં મહત્તમ સિદ્ધિ હાંસલ કરી હોય તેવા હોય છે.
- રાજયસભાના સભ્ય બનવા માટે લઘુત્તમ વયમર્યાદા : ૩૦ વર્ષ
- રાજયસભાના સભ્યોની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે. તેમાં માત્ર જે - તે રાજયોની વિધાનસભાના સભ્યો ભાગ લે છે.
- રાજયસભામાં સૌથી વધુ પ્રતિનિધિત્વ ઉત્તરપ્રદેશનું છે.
- કલમ-૧૯૦ મુજબ કોઈ પણ સભ્ય એક જ સમયે બે ગૃહના સભ્ય બની શકે નહિ

### ● *રાજયની ધારાસભા*

- રાજયની ધારાસભામાં બે ગૃહ હોય છે.
- ઉપલુ ગૃહ વિધાનપરિષદ કહેવાય છે અને નીચલુ ગૃહ વિધાનસભા કહેવાય છે.

- ભારતના મોટાભાગના રાજયોમાં એકગૃહી ધારાસભા છે. માત્ર ૮ રાજયોમાં વિધાન પરિષદની જોગવાઈ છે. આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, મહાષ્ટ્ર, કર્ણાટક, બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, જમ્મુ-કાશ્મીર.

## ● *વિધાન પરિષદ*

***(કલમ - ૧૬૮)***

- રાજયની ધારાસભાના ઉપલા ગૃહ તરીકે વિધાન પરિષદની જોગવાઈ કલમ - ૧૬૮માં છે.
- વિધાન પરિષદમાં ઓછામાં ઓછા ૪૦ સભ્યો અને વધુમાં વધુ રાજયની વિધાનસભાના કુલ સભ્ય સંખ્યાના ત્રીજા ભાગ જેટલી હોય.
- સભ્યની મુદત : ૬ વર્ષ , → લઘુત્તમ વયમર્યાદા : ૩૦ વર્ષ
- વિધાન પરિષદના સભ્યોની ચૂંટણી દર બે વર્ષ પરોક્ષ રીતે થાય છે.
- દર બે વર્ષે ૧/૩ સભ્યોની નિમણૂંક થાય છે અને તેટલા જ સભ્યો નિવૃત્ત થાય છે.
- બંધારણની કલમ ૧૬૯ મુજબ રાજયની વિધાનસભાની કુલ સભ્યસંખ્યાના ૨/૩ સભ્યોની બહુમતીથી વિધાન પરિષદની રચના કે નાબૂદી માટે ઠરાવ પસાર કરીને સંસદને મોકલવામાં આવે છે. પછી તે રાજયમાં વિધાન પરિષદ રાખવી કે નહિં તેનો નિર્ણય સંસદ કરે છે.
- ગુજરાતમાં વિધાન પરિષદ નથી.
- ૧/૧૨ સભ્યોની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે.

## ● *વિધાનસભા*

***(કલમ - ૧૭૦)***

- વિધાનસભા એ રાજયની ધારાસભાનું નીચલુંગૃહ છે.
- ભારતમાં ૨૯ રાજયો, દિલ્હી અને પોંડીચેરી એમ બે કેન્દ્ર શાસિત પ્રદેશ મળીને કુલ ૩૧ વિધાનસભા છે.
- વિધાનસભાના સભ્યોની સંખ્યા દરેક રાજયમાં વસ્તીના આધારે નક્કી કરવામાં આવે છે. પરંતુ કોઈ પણ રાજયમાં ૬૦ કરતા ઓછી અને ૫૦૦ કરતાં વધુ હોવી જોઈએ નહિં.
- પરંતુ સિક્કીમમાં આ બાબતે અપવાદ છે અને વિધાનસભાની સભ્યસંખ્યા ૪૪ છે. જયારે ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ સભ્ય સંખ્યા છે.
- ગુજરાતમાં વિધાનસભાની સભ્યસંખ્યા ૧૮૨ છે.
- રાજયપાલની ઈચ્છા હોય તો વિધાનસભામાં ૧ સભ્યની નિમણૂંક કરી શકે છે. (તે એંગ્લો ઈન્ડિયન હોય છે.)
- વિધાનસભાના સભ્યોને ધારાસભ્ય (M.L.A) કહે છે.
- વિધાનસભાના સભ્યની ચૂંટણી પ્રત્યક્ષ રીતે થાય છે.
- વિધાનસભાના સભ્યોની ચૂંટણી દર પાંચ વર્ષે થતી હોઈ દર પાંચ વર્ષે તમામ નવા સભ્યો ચૂંટાઈને આવે છે અને તમામ જૂના સભ્યો નિવૃત્ત થાય છે. આમ વિધાનસભાનું વિસર્જન થતું હોઈ તે બિનકાયમી ગૃહ છે.
- લઘુત્તમ વયમર્યાદા : ૨૫ વર્ષ
- વિધાનસભાને બરખાસ્ત કરવાની સત્તા રાજયપાલને છે.

## ● *સત્તા અને કાર્યો*

- રાજયનું મંત્રીમંડળ વિધાનસભાને જવાબદાર હોય છે.
- રાજયયાદીના ૬૬ વિષયો પર કાયદા ઘડવાનું કામ કરે છે.
- રાજય સરકાર સામે અવિશ્વાસનો મત પસાર કરી સરકારને બરખાસ્ત કરી શકે છે.
- નાણાંકીય ખરડો સૌપ્રથમ વિધાનસભામાં પસાર થાય છે. ત્યારબાદ વિધાનપરિષદમાં રજૂ થાય તેના ૧૪ દિવસની અંદર ભલામણો સાથે પસાર કરીને વિધાનસભામાં મોકલી આપે છે. અન્યથા તે વિધાન પરિષદમાં પસાર થઈ ગયેલો

ગણાય છે.

→ અંદાજપત્ર પણ સૌપ્રથમ વિધાનસભામાં રજૂ થાય છે. વિધાન પરિષદ તેની પર ચર્ચા કરી શકે છે. પરંતુ તેનો સ્વીકાર કે અસ્વીકાર કરવાની સત્તા વિધાનપરિષદને નથી.

## ● રાજ્યપાલ

**(કલમ - ૧૫૩)**

→ કલમ - ૧૫૫ મુજબ રાષ્ટ્રપતિ રાજયપાલની નિમણૂંક કરે છે.

→ મુદત : ૫ વર્ષ અથવા રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી.

→ હોદ્દાની રૂએ રાજયપાલ દરેક યુનિવર્સિટીના કુલપતિનો હોદ્દો ધરાવે છે.

→ લઘુત્તમ વયમર્યાદા : ૩૫ વર્ષ

→ રાજય સરકારનું તમામ કારોબારી કાર્ય રાજયપાલના નામે થાય છે.

→ આકસ્મિક નિધિમાંથી પૈસા ઉપાડવા માટે રાજયસરકારને રાજયપાલની મંજૂરી લેવી પડે છે.

→ વિધાનસભામાં નાણાંકીય ખરડો રજૂ કરતાં પહેલા રાજયપાલની મંજૂરી મેળવવી જરુરી છે.

→ વડી અદાલત દ્વારા આપવામાં આવેલી સજામાં ફેરફાર કરી શકે છે.

→ વિધાનસભામાં એક ઍંગ્લો ઈન્ડિયન સભ્યની નિમણૂંક કરે છે.

→ રાજયની વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ સિવાયના તમામ ન્યાયધીશોની નિમણૂંક કરે છે.

→ રાજયમાં ધારાસભાનું સત્ર બોલાવવાનું કામ રાજયપાલ કરે છે.

→ તાલુકા અદાલત અને જિલ્લા અદાલતના ન્યાયાધીશોની નિમણૂંક કરે છે.

→ વિધાનસભામાં પસાર થયેલો ખરડો રાજયપાલની સહિ થાય પછી કાયદો બને છે.

→ રાજયમાં કાયદાકીય સલાહકાર તરીકે એડવોકેટ જનરલની નિમણૂંક કરે છે.

→ દરેક યુનિવર્સિટીના કુલપતિઓની નિમણૂંક કરે છે તેથી રાજયપાલ યુનિવર્સિટીના કુલાધિપતિ તરીકે ઓળખાય છે.

→ રાષ્ટ્રપતિ જાહેર સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યોની પસંદગી કરે છે. ત્યારે તે રાજયના રાજયપાલની સલાહ લે છે.

## ● રાજયનું મંત્રીમંડળ

**(કલમ - ૧૬૩)**

→ રાજયના મુખ્યમંત્રી જેના વડા હોય તેવા રાજયના મંત્રીમંડળની જોગવાઈ કલમ - ૧૬૩માં છે.

→ રાજયપાલ મુખ્યમંત્રીની નિમણૂંક કરે છે અને મુખ્યમંત્રીની સલાહથી મંત્રીમંડળના અન્ય મંત્રીઓની નિમણૂંક કરશે.

→ મંત્રીમંડળના મંત્રીઓ રાજયપાલની મરજી હોય ત્યાં સુધી હોદ્દા ધરાવશે.

→ કોઈ રાજયના મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સહિત મંત્રીઓની કુલ સંખ્યા તે રાજયની વિધાનસભાના સભ્યોની કુલ સંખ્યાના ૧૫ % થી વધારે ન હોય. પરંતુ રાજયમાં મુખ્યમંત્રી સહિત મંત્રીઓની સંખ્યા ૧૨ થી ઓછી હોવી ન જોઈએ.

→ મંત્રીમંડળ સામૂહિક રીતે રાજયની વિધાનસભાને જવાબદાર રહેશે.

→ મંત્રીમંડળના મંત્રીઓને રાજયપાલ હોદ્દાના શપથ લેવડાવે છે.

## ● મુખ્યમંત્રી

**(કલમ - ૧૬૩)**

→ રાજયના મંત્રીમંડળના વડા તરીકે મુખ્યમંત્રીની જોગવાઈ કલમ ૧૬૩માં છે.

→ તે રાજયના વહીવટી વડા છે.

→ લઘુત્તમ વય મર્યાદા : ૨૫ વર્ષ

→ વિધાનસભા કે વિધાનપરિષદના સભ્ય હોવા જરુરી છે.

- પ્રધાનમંડળ સામે અવિશ્વાસની દરખાસ્ત; સત્તામોકૂફીની દરખાસ્ત કે ઠપકાની દરખાસ્ત વખતે મુખ્યમંત્રી પોતાની સરકારનો બચાવ કરે છે.
- હોદ્દાના શપથ રાજયપાલ લેવડાવે છે.
- પ્રધાનમંડળની રચના કરે છે. પ્રધાનોના ખાતા અને દરજ્જા નક્કી કરે છે.
- પ્રધાનમંડળની દરેક બેઠકનું અધ્યક્ષસ્થાન સંભાળે.
- પ્રધાનમંડળની બેઠકમાં લેવાયેલ તમામ નિર્ણયો અને રાજયની સમગ્ર વહિવટી પ્રક્રિયાથી રાજયપાલને સતત માહિતગાર રાખે છે.
- પ્રધાન - પ્રધાન, પ્રધાન-ધારાસભા, પ્રધાન-પ્રજા તથા સરકાર અને પ્રજા, પ્રધાનમંડળ - રાજયપાલ વચ્ચેની સંપર્ક કડી છે.
- યાદ રાખવા જેવા મુખ્યમંત્રીઓ :
- પ્રથમ : ડૉ. જીવરામ મહેતા, હાલ : વિજયભાઈ રૂપાણી
- ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી : આનંદીબેન પટેલ
- ભારતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી : સુચેતા કૃપલાની (ઉત્તરપ્રદેશ)
- રાજયના મંત્રીમંડળમાં સ્થાન મેળવનાર પ્રથમ મહિલા પ્રધાન : ઈન્દુમતીબેન શેઠ
- પ્રથમ બિનકોંગ્રેસી મુખ્યમંત્રી : બાબુભાઈ પટેલ
- પ્રથમ આદિવાસી મુખ્યમંત્રી : અમરસિંહ ચૌધરી
- સૌથી વધુ ગુજરાતના મુખ્યમંત્રી પદે રહેનાર : નરેન્દ્ર મોદી

## ● ***દેશનું ન્યાયતંત્ર***

### ● ***સર્વોચ્ચ અદાલત*** (Supreme Court) ***(કલમ-૧૨૪)***

- સર્વોચ્ચ અદાલત ન્યાય માટેની આખરી કડી છે. તેનો નિર્ણય આખરી અને સર્વમાન્ય ગણાય છે.
- તેને નઝીરી અદાલત પણ કહેવાય છે.
- ભારતીય શાસનપ્રણાલી મુજબ સર્વોચ્ચ અદાલતની શરુઆત ૧૯૫૦માં દિલ્લી ખાતે થઈ.
- સર્વોચ્ચ અદાલતમાં કુલ ૩૧ જજ હોય છે જેમાં ૧ મુખ્ય અને ૩૦ ગૌણ હોય છે.
- સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે.
- મુદ્દત : ૬૫ વર્ષની ઉંમર સુધી અથવા ૬ વર્ષ
- સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની સંખ્યામાં ફેરપાર કરવાનો અધિકાર સંસદને છે.
- સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને સંબોધીને આપે છે.
- બંધારણની કલમ ૧૨૯ મુજબ સર્વોચ્ચ અદાલતને Court of Records પણ કહેવાય છે. તાબાની અદાલતો માટે તેણે આપેલા ચુકાદા અથવા નિર્ણયો કાયમી દસ્તાવેજ ગણાય અને શિરોધાર્ય ગણાય.
- કોઈ પણ રાજયની વડી અદાલતમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો ન્યાયાધીશ તરીકેનો અનુભવ અથવા ઓછામાં ઓછો ૧૦ વર્ષનો એડવોકેટ તરીકેનો અનુભવ હોય તેવી વ્યક્તિ જ સુપ્રીમકોર્ટમાં ન્યાયાધીશ બની શકે છે.

### → ***સત્તા અને કાર્યો :***

- સર્વોચ્ચ અદાલતે આપેલા ચુકાદા દરેકે માન્ય રાખવાના હોય છે. માત્ર રાષ્ટ્રપતિ અમુકઅંશે આ ચુકાદામાં ફેરફાર કરી શકે છે.
- સર્વોચ્ચ અદાલત નીચલી અદાલતના ચુકાદાને બદલી શકે છે.
- જો કોઈ નવા કાયદા અસ્તિત્વ ધરાવતા ન હોય ત્યારે નવા કાયદાને માન્યતા આપે છે.

- ➜ બંધારણની સમીક્ષા કે અર્થઘટન કરે છે.
- ➜ જયારે કોઈ વ્યક્તિને તેમના મૂળભૂત હકો ન મળે ત્યારે તે સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરી શકે છે.
- ➜ સર્વોચ્ચ અદાલત-બંધારણનો રક્ષક કહેવાય છે. કારણ કે ભારતનું મૂળભૂત બંધારણ સર્વોચ્ચ અદાલતમાં સચવાય છે.
- ➜ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ રાષ્ટ્રપતિને શપથ લેવડાવે છે. મુખ્યન્યાયાધીશની સલાહથી અન્ય ન્યાયાધીશોની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે. જયારે તેમને હોદ્દાના શપથ મુખ્ય ન્યાયાધીશ લેવડાવે છે.
- ➜ મુખ્ય ન્યાયાધીશને રાષ્ટ્રપતિ શપથ લેવડાવે છે.
- ➜ રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ ગેરહાજર હોય ત્યારે સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ રાષ્ટ્રપતિ પદ સંભાળે છે.

● ***રાજયની વડી અદાલત :*** (High Court)
***(કલમ-૨૧૪)***

- ➜ દરેક રાજયમાં એક ઉચ્ચ ન્યાયાલય હોવાની જોગવાઈ કલમ ૨૧૪માં છે.
- ➜ ભારતમાં કુલ ૨૪ હાઈકોર્ટ આવેલી છે.
- ➜ હાઈકોર્ટની સ્થાપના સૌપ્રથમ ૧૮૫૮માં બ્રિટીશ શાસન દરમિયાન મુંબઈ, મદ્રાસ અને કલકત્તામાં થઈ.
- ➜ ભારતમાં મુંબઈની વડી અદાલત સૌથી જૂનામાં જૂની છે.
- ➜ વડી અદાલતના ન્યાયાધીશ બનવા માટે દેશના કોઈ પણ વિસ્તારમાં ઓછામાં ઓછા ૧૦ વર્ષ માટે ન્યાયખાતાના હોદ્દાનો અનુભવ અથવા કોઈ પણ રાજયની વડી અદાલતમાં ઓછામાં ઓછા ૧૦ વર્ષનો એડવોકેટ તરીકેનો અનુભવ હોવો જરુરી છે.
- ➜ વય મર્યાદા : ૬૨ વર્ષ, કાર્યકાળ : છ વર્ષ
- ➜ વડી અદાલતોના મુખ્ય ન્યાયાધીશની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે અને મુખ્ય ન્યાયાધીશની સલાહથી અન્ય ન્યાયાધીશોને પણ નીમે છે. તેઓ રાષ્ટ્રપતિને સંબોધીને રાજીનામું આપે છે.
- ➜ વડી અદાલતના ન્યાયાધીશ તરીકે નિમાયેલ દરેક વ્યક્તિ હોદ્દાની શપથ રાજયપાલ સમક્ષ લે છે.
- ➜ જો રાષ્ટ્રપતિને લાગે કે કાર્યભારણ વધી ગયું છે તો તેઓ વધુમાં વધુ બે વર્ષ માટે તત્પુરતા જજની નિમણૂંક કલમ ૨૨૪ મુજબ કરી શકે. (સુપ્રીમ કોર્ટમાં કલમ - ૧૨૭ મુજબ)
- ➜ કલમ-૨૩૧ મુજબ સંસદ ઈચ્છે તો બે કે તેથી વધુ રાજયો અને કેન્દ્રશાશિત પ્રદેશો માટે એક સામાન્ય વડી અદાલત રાખી શકે છે.
- ➜ આંદામાન નિકોબારની વડી અદાલત કોલકાત્તાના અધિકાર ક્ષેત્રમાં છે.
- ➜ હરિયાણા-ચંડીગઢ વચ્ચે એક જ વડી અદાલત છે.
- ➜ દિવ, દમણ અને નગર હવેલીની ➜ મુંબઈમાં
- ➜ લક્ષદ્વીપ - કેરળમાં
- ➜ સૌથી વધુ ૭ રાજયોનો ન્યાયિક વિસ્તાર અસમમાં ગૌહાટીની વડી અદાલતમાં છે.
- ➜ પોતાનું અલગ ધારાગૃહ ધરાવતા કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્લી અને પોંડીચેરી છે.
- ➜ જેની હાઈકોર્ટ તેના પાટનગરમાં ન આવેલી હોય તેવા રાજયો :

| | ***રાજય*** | ***હાઈકોર્ટનું વડુમથક*** | ***પાટનગર*** |
|---|---|---|---|
| ૧. | ગુજરાત | અમદાવાદ | ગાંધીનગર |
| ૨. | ઉત્તરપ્રદેશ | અલ્હાબાદ | લખનૌ |
| ૩. | રાજસ્થાન | જોધપુર | જયપુર |
| ૪. | મધ્યપ્રદેશ | જબલપુર | ભોપાલ |

| | | | |
|---|---|---|---|
| ૫. | કેરળ | અર્નાકુલમ | તિરુવનંતપુરમ |
| ૬. | છત્તીસગઢ | બિલાસપુર | રાયપુર |
| ૭. | ઉત્તરાખંડ | નૈનીતાલ | દહેરાદૂન |
| ૮. | અસમ | ગૌહાટી | દિસપુર |
| ૯. | ઓરિસ્સા | કટક | ભુવનેશ્વર |

- ***ગુજરાતમાં હાઈકોર્ટ :***

→ સ્થાપના : ૧ મે, ૧૯૬૦

→ પ્રથમ મકાન : નવરંગપુરા બાળકોની હોસ્પિટલ, અમદાવાદ

→ હાલનું મકાન : એસ.જી. હાઈવે, અમદાવાદ

→ કુલ જજની સંખ્યા : ૨૮ (૧ મુખ્ય + ૨૭ ગૌણ)

→ પ્રથમ મુખ્ય ન્યાયાધીશ : સુંદરલાલ ત્રિકમલાલ દેસાઈ

→ વડી અદાલતો સર્વોચ્ચ અદાલતના તાબાની અદાલતો છે.

→ વડી અદાલતના તાબામાં જિલ્લા અને તાલુકા અદાલતો હોય છે.

- ***લોક અદાલત :***

→ ભારતમાં લોક અદાલતનો વિચાર ગુજરાતમાંથી લેવામાં આવ્યો.

→ કાર્યકર શ્રી હરિવલ્લભ પરીખના રંગપુર આશ્રમથી લોક અદાલતનો વિચાર/ખ્યાલ મળ્યો.

→ પ્રથમ લોક અદાલતની શરુઆત ૧૪ માર્ચ, ૧૯૮૨ના રોજ જૂનાગઢ જિલ્લાના ઉના ખાતેથી થઈ.

→ આજે કાનૂની સેવા સત્તામંડળ ‘શાહીબાગ’ તેની પ્રવૃત્તિનું મુખ્ય કેન્દ્ર ગણાય છે. તે સમગ્ર એશિયામાં સૌપ્રથમ Law Clinic બન્યું છે. આ અદાલત રવિવારના દિવસે પણ પક્ષકારોની સંમતિથી સ્વૈચ્છિક ધોરણે મુકદમા ચલાવે છે. જેમાં કોઈ પક્ષકારની હાર-જીત થતી નથી. બંનેને સંતોષકારક સમાધાન પ્રાપ્ત થાય છે.

→ સાંધ્ય કોર્ટની સૌપ્રથમ શરુઆત પણ ગુજરાતમાં થઈ.

- ***કંપ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ***
  (CAG) ***- કલમ - ૧૪૮)***

→ બંધારણની કલમ-૧૪૮ મુજબ નિયંત્રક-મહાલેખા પરીક્ષકની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે.

→ તેમને વૉચડોગ પણ કહેવામાં આવે છે.

→ CAG ભારત સરકારના ઑફિશિયલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ગણાય છે.

→ CAG રાષ્ટ્રપતિ સમક્ષ હોદ્દાના શપથ લે છે. તેઓને હોદ્દા પરથી દૂર કરવા માટે મહાભિયોગની પ્રક્રિયા અનુસરવી પડે છે.

→ મુખ્ય કાર્ય : રાજય અને કેન્દ્ર સરકારની દરેક નાણાંકીય લેવડ-દેવડ પર નિયંત્રણ રાખે છે.

→ કેન્દ્રના હિસાબો અંગે CAGનો અહેવાલ રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ થાય છે અને તેઓ તેને સંસદના બંને ગૃહો સમક્ષ રજૂ કરે છે.

→ રાજયના હિસાબોનો અહેવાલ રાજયપાલ સમક્ષ અને રાજયપાલ તેને વિધાનમંડળ સમક્ષ રજૂ કરે છે.

→ CAGનું પદ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશને સમકક્ષ છે.

→ મુદ્દત : ૬ વર્ષ

- ***એટર્ની જનરલ***
  ***(કલમ - ૭૬)***

→ અનુચ્છેદ ૭૬ મુજબ રાષ્ટ્રપતિ એટર્ની જનરલની નિમણૂંક કરે છે.

- તે દેશનો સર્વોચ્ચ કાયદાકીય અધિકારી છે.
- એટર્ની જનરલ સંસદના એક પણ ગૃહમાં સભ્ય ન હોવાં છતાં કોઈ પણ ગૃહની કાર્યવાહીમાં ભાગ લઈ શકે છે. પરંતુ મત આપી શકતા નથી.
- મુખ્ય કાર્ય : સંસદને કાયદાકીય સલાહ આપવાનું.
- મુદ્દત : રાષ્ટ્રપતિ ઈચ્છે ત્યાં સુધી
- લાયકાત : સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે નિમણૂંક પામવાને લાયક હોય તેવી વ્યક્તિ
- એટર્ની જનરલને ભારતના તમામ રાજય ક્ષેત્રોમાંના તમામ ન્યાયાલયોમાં સુનાવણીનો હક રહેશે.

## ● એડવોકેટ જનરલ

***(કલમ - ૧૬૫)***

- કેન્દ્રમાં એટર્ની નજરલ જેવું જ પદ રાજયમાં એડવોકેટ જનરલ ધરાવે છે.
- તેની નિમણૂંક જે - તે રાજયના રાજયપાલ કરે છે.
- મુખ્યકાર્ય : રાજયસરકારને કાયદાકીય બાબતોમાં સલાહ આપવાનું
- મુદ્દત : રાજયપાલ ઈચ્છે ત્યાં સુધી
- લાયકાત : હાઈકોર્ટના ન્યાયાધીશ બનવાને સમકક્ષ.
- કોઈ પણ ધારાગૃહના સભ્ય ન હોવા છતાં વિધાનસભા કે વિધાન પરિષદ બંનેમાં ભાગ લઈ શકે છે, પરંતુ ચૂંટણી પ્રક્રિયામાં મત આપી શકે નહિં.

## ● જમ્મુ-કાશ્મીર

***(કલમ - ૩૭૦)***

- કલમ-૩૭૦માં જમ્મુ કાશ્મીરને અલગ રાજય (વિશેષ રાજય)નો દરજ્જો આપવામાં આવ્યો છે.
- બંધારણની બધી જોગવાઈ જમ્મુ કાશ્મીરને લાગુ પડતી નથી.
- જમ્મુ કાશ્મીરનું અલગ બંધારણ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૮થી અમલમાં છે.
- ભારતના એકમાત્ર જમ્મુ કાશ્મીરમાં બેવડું નાગરિકત્વ છે.
- જમ્મુ કાશ્મીરમાં દ્વિગૃહી ધારાસભા છે. (વિધાનસભા અને વિધાન પરિષદ)
- જમ્મુ કાશ્મીરમાં કટોકટી લાગુ કરવા માટે તેની રાજય સરકારની મંજૂરી મેળવવી પડે છે.
- રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો જમ્મુ કાશ્મીરને લાગુ પડતા નથી.
- જમ્મુ-કાશ્મીરમાં નાણાંકીય કટોકટી જાહેર કરવાની સત્તા રાષ્ટ્રપતિ કે સંસદને નથી.
- જમ્મુ કાશ્મીરની વિધાનસભા ૧૦૦ સભ્યોની અને વિધાન પરિષદ ૩૬ સભ્યોની બનેલી છે.

## ● આયોજન પંચ (યોજના આયોગ)

- હોદ્દાની રૂએ આયોજન પંચના વડા વડાપ્રધાન હોય છે.
- આયોજન પંચ એક ગેરબંધારણીય સંસ્થા છે.
- મુખ્ય કાર્ય : પંચવર્ષીય અને વાર્ષિક યોજનાઓ તૈયાર કરવી.
- ૧૯૫૦માં જવાહરલાલ નહેરુએ આયોજન પંચનો ખ્યાલ રશિયાના બંધારણમાંથી મેળવ્યો અને આયોજન પંચની રચના કરી.
- ૧૯૫૧માં પ્રથમ પંચવર્ષીય યોજના દાખલ થઈ. જેમાં મુખ્યત્વે કૃષિ ઉપર ભાર મૂકવામાં આવ્યો.
- બીજી પંચવર્ષીય યોજના → ભારે ઉદ્યોગોનો વિકાસ.
- ત્રીજી પંચવર્ષીય યોજના → ખેતી અને ઉદ્યોગોનો વિકાસ.

→ ચોથી પંચવર્ષીય યોજના → રોજગારી નિર્ધારણ અને ગરીબી હટાવો.

→ પાંચમી પંચવર્ષીય યોજના → ગરીબી હટાવો

→ પ્રથમ પંચવર્ષીય યોજનાનું માળખું અર્થશાસ્ત્રી હેરોલ્ડ ડામરે બનાવ્યું.

→ હાલમાં આયોજન પંચના વડા : નરેન્દ્ર મોદી

● ***નાણાં પંચ***

***(કલમ - ૨૮૦)***

→ ભારતમાં નાણાપંચની નિમણૂંક દર ૫ વર્ષે રાષ્ટ્રપતિ કરે છે.

→ ભારતનું પ્રથમ નાણાંપંચ ૧૯૫૧માં બન્યું (The finance Commission act,1951)

→ નાણાપંચમાં કુલ ૫ સભ્યો હોય છે. જેમાં ૧ અધ્યક્ષ હોય છે.

→ કાર્યો :

→ નાણાપંચનું મુખ્ય કાર્ય કેન્દ્ર અને રાજયો વચ્ચે નાણાંની યોગ્ય ફાળવણી કરવાનું છે.

→ આ ઉપરાંત રાષ્ટ્રપતિએ સોંપેલા નાણાંકીય કાર્યો અને કેન્દ્ર તથા રાજય સરકારો વચ્ચે ઉભા થતાં નાણાંકીય વિવાદો ઉકેલવાનું કામ કરે છે.

→ CAG ના અહેવાલોનું મૂલ્યાંકન કરે છે.

→ પ્રથમ નાણાં પંચના અધ્યક્ષ : કે.સી. નિયોગી

● ***ચૂંટણીપંચ***

***(કલમ-૩૨૪)***

→ રાષ્ટ્રપતિ પાંચ વર્ષ માટે ચૂંટણીપંચની રચના કરે છે.

→ એક મુખ્ય ચૂંટણી કમિશ્નર, બે ચૂંટણી કમિશ્નર અને ૩ અન્ય સભ્યોની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે.

→ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, લોકસભા, રાજયસભા, વિધાનસભા, વિધાનપરિષદ અને મધ્યસ્થ ચૂંટણીનું આયોજન કેન્દ્રિય ચૂંટણીપંચ કરે છે.

→ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને પેટાચૂંટણીનું આયોજન રાજય ચૂંટણીપંચ કરે છે.

→ ***સત્તા અને કાર્યો :***

→ ભારતમાં તમામ ચૂંટણી વ્યવસ્થાનું નિયમન કરવું.

→ ચૂંટણીની તારીખો બહાર પાડવી

→ આચારસંહિતા જાહેર કરવી

→ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારોને ઓળખકાર્ડ પૂરા પાડવા.

→ ૪૮ કલાક પહેલા (ઘણી વાર ૩૬ કલાક) ચૂંટણી પ્રચાર બંધ થાય તેની તકેદારી રાખવી.

→ મતદાર ક્ષેત્રોની વહેંચણી કરવી.

→ ચૂંટણીની તારીખ નક્કી થયા બાદ ઉમેદવારોને ઉમેદવારી નોંધાવા ૮ દિવસનો સમય આપે છે.

→ આખરી યાદી તૈયાર થાય તેના બે દિવસ પહેલા ઉમેદવારોને ઉમેદવારી પાછી ખેંચાવાની તક આપવામાં આવે છે.

→ મુખ્ય ચૂંટણી કમિશ્નરને હોદ્દા પરથી દૂર કરવા મહાભિયોગની પ્રક્રિયા કરવી પડે.

● ***ભાષાપંચ***

***(કલમ - ૩૪૩ થી ૩૫૧)***

→ કલમ-૩૪૩ મુજબ સંઘની રાજયભાષા દેવનાગરી લિપિવાળી હિન્દી છે.

→ બંધારણસભાની ભાષાકીય સમિતિના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્રપ્રસાદના આગ્રહથી દેવનાગરી લિપિવાળી હિન્દી ભાષાને

રાજભાષાનો દરજ્જો મળ્યો પરંતુ અંગ્રેજીમાંથી હિન્દીમાં પરિવર્તન માટે ૧૫ વર્ષનો ગાળો રાખવામાં આવ્યો હતો.

- ૧૫ વર્ષની મુદત બાદ પણ અંગ્રેજીનો ઉપયોગ ચાલુ રાખવા માટે સંસદને કલમ ૩૪૩માં કાયદો ઘડવાની સત્તા મળી છે તે આધારે ૧૯૬૩માં official language act બનાવી અંગ્રેજી ભાષાનો ઉપયોગ અનિશ્ચિત સમય સુધી ચાલુ રાખવાનું નક્કી કર્યું.
- ભારતના ન્યાયતંત્રની ભાષા અંગ્રેજી છે.
- અંગ્રેજીભાષાને ભારતની બીજી રાષ્ટ્રભાષા તરીકે માન્યતા મળી છે.
- રાષ્ટ્રપતિ દર ૫ વર્ષે ભાષાપંચની નિમણૂંક કરે છે. જેનું મુખ્યકાર્ય ભારતની રાજભાષા અને લોકબોલીઓના જતન અને તેના વિકાસ માટેની મહત્ત્વની સંસ્થા છે.

● ***૮મી અનુસૂચિ***

- બંધારણની ૮મી અનુસૂચિમાં ૨૨ માન્ય ભાષાઓ દર્શાવી છે.
- પહેલા ૧૮ માન્યભાષાઓ હતી. પરંતુ પાછળથી તેમાં બોડો, સંથાલી, મૈથીલી અને ડોંગરી એમ ચાર ભાષા ઉમેરવામાં આવી.
- ભારત સ્વતંત્ર થયું ત્યારે માન્ય ભાષાઓ ૧૪ હતી.

● ***રાષ્ટ્રીય વિકાસ પરિષદ*** (N.D.C)

***(ગેરબંધારણીય સંસ્થા)***

- ૧૯૫૨માં યોજના આયોગને સહયોગ આપવાના હેતુથી તેનું નિર્માણ કરવામાં આવ્યું.
- હોદ્દાની રૂએ વડાપ્રધાન તેના અધ્યક્ષ હોય છે.
- તેનું મુખ્યકાર્ય આયોજનપંચ દ્વારા તૈયાર કરાયેલ વાર્ષિક અને પંચવર્ષીય યોજનાઓનું મૂલ્યાંકન અને તેને મંજૂરી આપવાનું છે.
- યોજનાની મુદત પૂરી થયે ટાર્ગેટ achieve થયો છે કે નહીં ? ના થયો હોય તો તેના કારણો વગેરે સમીક્ષા કરે છે.

● ***રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા*** (RBI)

- ભારતની મધ્યસ્થ બેંક RBI ની સ્થાપના ૧૯૩૫માં કરવામાં આવી.
- વડુમથક : મુંબઈ
- RBI નવા વડાને ગવર્નર કહે છે. તેની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે.
- RBI ના પ્રથમ ગવર્નર : આર્કલ સ્મિથ
- RBI ના પ્રથમ ભારતીય ગવર્નર : સી.ડી. દેશમુખ (૧૯૪૩)
- ભારતમાં રૂપિયાની છાપણી RBI ના નેતૃત્ત્વ હેઠળ થાય છે.
- ભારતમાં મહારાષ્ટ્ર ખાતે નાસિક અને મધ્યપ્રદેશ ખાતે દેવાસમાં નોટોની છાપણી થાય છે.
- ૧ રૂપિયાની નોટ અને ચલણી સિક્કાઓ ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવે છે.
- ૧ રૂપિયાની નોટ પર મુખ્યનાણાં સચિવની સહી હોય છે.
- ૨ થી ૨૦૦૦ રૂપિયાની નોટો પર RBI ના ગર્વનરની સહિ હોય છે.

● ***સંસદીય સમિતિઓ***

● **Standing committee :** તે સ્થાયી સમિતિ છે. તેની રચના ગૃહની ચૂંટણીથી અથવા અધ્યક્ષ દ્વારા નિયુક્તિથી દર વર્ષે થાય છે.

● ***કામચલાઉ સમિતિ :*** તેની રચના ચોક્કસ કાર્યો માટે તે સમયગાળા પૂરતી જ થાય છે.

● **PAC {Public Accounts Committee} :** ***(જાહેર હિસાબ સમિતિ)***

આ સમિતિ વિવિધ સંસ્થાઓ, સરકાર તથા વિવિધ વિભાગોના હિસાબ તપાસે છે. તેમાં કુલ ૨૨ સભ્યો હોય છે. જેમાં

લોકસભાના ૧૫ અને રાજયસભાના ૭ સભ્યો હોય છે.

- ***અંદાજ સમિતિ :*** વાર્ષિક અંદાજપત્રની માહિતી મેળવી તેના પર કરકસરયુક્ત અભિગમ દર્શાવે છે.
- **JPC {Joint Parliamentory Committee} :** ***(સંયુક્ત સંસદીય સમિતિ)***

સંસદમાં વિરોધપક્ષ અને શાસક પક્ષના સંયુક્ત સભ્યોથી અલગ અલગ બાબતોની તપાસ માટે આ સમિતિની રચના થાય છે.

→ તેના અધ્યક્ષ વિરોધપક્ષના નેતા હોય છે.

→ ***પ્રવર સમિતિ :*** ખરડાની સર્વાંગી ચકાસણી કરે છે.

- ***જાહેર સેવાઓ***

→ સરકારના તમામ વહીવટી કાર્યનું સંચાલન સનદી અધિકારી કરે.

→ સિવિલ સર્વિસીઝ એકઝામની શરુઆત કરાવનાર : લોર્ડ કોર્ન વોલિસ

→ કલેકટરનું પદ શરુ કરાવનાર : લોર્ડ વૉરન હેસ્ટિંગ્ઝ

→ જિલ્લા રજિસ્ટારનું પદ શરુ કરાવનાર : કોર્ન વોલિસ

૧) અખિલ ભારતીય સેવાઓ : (All India Services)

→ ભારતીય વહીવટી સેવા - IAS : કૉલેજ - શિમલા

→ ભારતીય પોલીસ સેવા - IPS

→ ભારતીય વન સેવા - IFS : કૉલેજ - દહેરાદૂન

૨) કેન્દ્રિય સેવાઓ :

ભારતીય વિદેશ સેવા, મહેસૂલ સેવા, ટપાલસેવા, રેલવે સેવા, આર્થિક સેવા, સંરક્ષણ અને હિસાબી સેવા

૩) રાજય સેવાઓ : G.P.S.C

- ***૭ મી અનુસૂચિ***

→ બંધારણની ૭મી અનુસૂચિમાં ત્રણ યાદીઓ અને તેમાં સમાવિષ્ઠ વિષયો આપેલાં છે.

- ***યાદી - ૧ સંઘયાદી***

→ સંઘયાદી ૯૭ વિષયોની યાદી છે, જેની પર નિર્ણય લેવાનો કે કાયદા ઘડવાનો અધિકાર સંસદને છે.

→ ભારતના સંરક્ષણ સંબંધિત બાબતો,

→ નૌકાદળ, ભૂમિદળ, હવાઈદળ તથા સંઘના અન્ય તમામ સશસ્ત્ર દળો

→ યુદ્ધ તથા આંતરરાષ્ટ્રીય સંબંધોને લગતી તમામ બાબતો

→ રાજનયિક, કોન્સ્યુલર અને વ્યાપારી પ્રતિનિધિત્વ, પ્રત્યાર્પણ, ભારત બહારના સ્થળોએ તીર્થયાત્રાઓ, રેલવે, પોસ્ટઓફિસ, હવાઈમાર્ગ, જળમાર્ગ, રાષ્ટ્રીય ધોરીમાર્ગ, સંદેશા વ્યવહારો, બેંક વ્યવસાય, વીમા, શેરબજાર, વાયદા બજાર, પેટન્ટો, શોધો, કોપીરાઈટ, વજન અને માપના ધોરણો.

→ તેલક્ષેત્રો અને ખનિજતેલના નિયમન અને નિકાસ બાબત.

→ આંતર રાજય નદીઓ

→ અફીણનું વાવેતર, ઉત્પાદન અને નિકાસ.

→ ખેતીની આવક સિવાયની આવક પરના કરો, કોર્પોરેશન કર, એસ્ટેટ ડ્યુટી.

→ વસ્તી ગણતરી.

- ***યાદી -૨ (રાજય યાદી)***

→ આ યાદીમાં દર્શાવેલ ૬૬ વિષયો પર નિર્ણય લેવાનો કે તેની પર કાયદા ઘડવાનો અધિકાર રાજય સરકારને છે.

- જેલો, સુધારગૃહો, બોર્સ્ટલ સંસ્થાઓ અને તેમાં રાખેલ વ્યક્તિઓ જેલો અને બીજી સંસ્થાઓના ઉપયોગ માટે અન્ય રાજયો સાથે ગોઠવણો.
- સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ.
- રસ્તાઓ, પુલો, નૌકાઘાટો, મ્યુનિસિપલ ટ્રોમવે, રોપવે અને આંતરિક જળમાર્ગો.
- ખેતી અને પશુપાલન.
- પાણીનો પુરવઠો, સિંચાઈ, નહેરો વગેરે
- જમીન અને જમીન ઉપરના હકો, જમીન સુધારણા.
- મત્સ્યક્ષેત્રો.
- ગેસ અને ગેસ કારખાના.
- રાજયની અંદરના વેપાર અને વાણિજ્ય.
- રાજયના વિધાનમંડળની બાબતો
- ખેતીની આવક ઉપરના કરો, ખેતીની જમીન અંગે એસ્ટેટ ડ્યૂટી.
- જમીન અને મકાન ઉપરના કરો
- વીજળીના વપરાશ અને વેચાણ ઉપરના કરો.
- નાકાવેરો, માથાવેરો, વ્યવસાય અને રોજગાર પરના કરો.
- મનોરંજન કરો

### ● યાદી-૩ : સમવર્તી યાદી

- આ યાદીમાં દર્શાવેલ ૪૭ વિષયો પર નિર્ણય લેવાનો કે કાયદા ઘડવાનો અધિકાર કેન્દ્ર અને રાજય બંનેને છે.
- ફોજદારી કાયદો.
- કેદીઓ કે આરોપીઓને એક રાજયમાંથી બીજા રાજયમાં લઈ જવા બાબત
- ખેતીની જમીન સિવાયની મિલ્કતની તબદીલી, ખત અને દસ્તાવેજોની નોંધણી.
- દાવા યોગ્ય અપકૃત્યો, દેવાળું અને નાદારી.
- ઉચ્ચતમ ન્યાયાલય અને ઉચ્ચ ન્યાયાલય સિવાયના તમામ ન્યાયાલયોની રચના અને વ્યવસ્થા તેનો તિરસ્કાર.
- વિચરતી અને સ્થાનાંતર કરતી આદિજાતીઓ.
- પાગલો અને માનસિક રોગીઓની સારવાર
- જંગલો, પશુ-પક્ષીઓનું સંરક્ષણ
-
- વસ્તી નિયંત્રણ અને કુટુંબ નિયોજન
- વાણિજ્યિક અને ઔદ્યોગિક ઈજારા
- મજૂર સંઘો અને ઔદ્યોગિક મજૂર તકરારો
- સામાજિક સલામતી, રોજગારી, બેકારી
- હિંદ અને પાકિસ્તાન ડુમિનિયન થવાથી નિર્વાસિત થયેલાની રાહત અને પુનર્વસવાટ
- જન્મ-મરણની નોંધણી.
- ભાવ નિયંત્રણ

- **કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના સંબંધો (ભાગ-૧૧, કલમ ૨૪૫ થી ૨૬૩)**
- **ધારાકીય સંબંધો (કલમ ૨૪૫ થી ૨૫૫)**

→ કલમ-૨૪૫ અનુસાર - ભારતના સમગ્ર રાજયક્ષેત્ર કે તેના કોઈ ભાગ માટે અને રાજયનું વિધાનમંડળ - સમગ્ર રાજય કે તેના કોઈ ભાગ માટે કાયદા ઘડી શકશે.

→ સંઘ યાદીમાંના વિષયો પર સંસદ અને રાજયાદીમાંના વિષયો પર જેતે રાજયના વિધાનમંડળ કાયદા ઘડે છે.

→ સમવર્તી યાદી કે રાજય યાદીમાં દર્શાવેલ ન હોય તેવી તમામ બાબતો માટે કાયદા ઘડવાનો હક સંસદને છે.

→ રાજયસભામાં ઓછામાં ઓછા ૨/૩ સભ્યોના મતથી એમ ઠરાવી શકાય કે રાજયયાદીમાં દર્શાવેલ કોઈ બાબત પર સંસદ કાયદા કરે એ વધારે સારું રહેશે તો તે ઠરાવ પૂરતું રાજય યાદીમાં દર્શાવેલ તે વિષય પર સંસદ કાયદા કરે છે. આવો ઠરાવ વધુમાં વધુ ૧ વર્ષ સુધી અમલમાં રહેશે. (કલમ - ૨૪૯)

→ કટોકટી અમલમાં હોય ત્યારે તમામ યાદીમાંના વિષયો પર સંસદને કાયદા ઘડવાની સત્તા છે. (કલમ-૨૫૦)

→ કલમ-૨૪૯ અને ૨૫૦ નીચે સંસદે કરેલ કાયદો રાજયના વિધાનમંડળે કરેલા કાયદાથી અલગ પડે તો, સંસદે કરેલ કાયદો અમલી બનશે.

→ સંસદ કે રાજયના વિધાનમંડળે બહાર પાડેલા કોઈ અધિનિયમમાં રાજયપાલ કે રાષ્ટ્રપતિની પૂર્વમંજૂરી મેળવવાની રહી ગઈ હોય તો માત્ર તેવા કારણોસર તે અધિનિયમ ગેરકાયદેસર ગણાશે નહિં.

- **વહીવટી સંબંધો (કલમ-૨૫૬ થી ૨૬૩)**

→ દરેક રાજયએ સંસદના કાયદાઓનું પાલન થાય તે રીતે પોતાની કારોબારી સત્તા વાપરવાની રહેશે. અને તે માટે ભારત સરકાર રાજયોને આદેશ પણ આપી શકે.

→ રાજયના કારોબારથી સંઘના કારોબારમાં અંતરાય કે પ્રતિકૂળ અસર ન આવવી જોઈએ.

→ રાષ્ટ્રીય અથવા લશ્કરી મહત્ત્વના વ્યવહારોના સાધનોના બાંધકામ અને નિભાવ માટે સંઘ રાજયને આદેશ આપી શકે છે.

→ સંઘના આદેશ માનવાને કારણે જો વધારે ખર્ચ થાય તો ભારતના મુખ્ય ન્યામૂર્તિએ નિમેલા લવાદ નક્કી કરે તેટલી રકમો ભારત સરકારે જે - તે રાજય સરકારને આપવી જોઈએ.

→ રાષ્ટ્રપતિ કોઈ રાજય સરકારની સંમતિથી તે રાજય સરકારને સંઘની સત્તામાં આવતા કાર્યો સોંપી શકશે. આવા કાર્યો કરવા માટે રાજય સરકારને થયેલા વધારાના ખર્ચ માટે મુખ્ય ન્યાયમૂર્તિએ નીમેલા લવાદ નક્કી કરે તેટલી રકમ ભારત સરકાર તે રાજયને આપવી જોઈએ.

→ કોઈ આંતર રાજય નદીના પાણીની તકરાર બાબતે સંસદ કાયદાની જોગવાઈ કરી શકે. આ બાબતે સંસદ એવી પણ જોગવાઈ કરી શકે કે આવી તકરારમાં ઉચ્ચત્તમ ન્યાયાલય કે બીજી કોઈ પણ ન્યાયાલયની હકૂમત રહેશે નહિ.

→ બે કે તેથી વધુ રાજયો વચ્ચે થયેલી કોઈ પણ બાબતની તકરાર માટે ભલામણ કરતી કાઉન્સિલની સ્થાપના રાષ્ટ્રપતિ કરી શકે છે.

- **સંઘ અને રાજ્યો વચ્ચે આવકની વહેંચણી**

**અથવા**

- **સંઘ અને રાજ્યો વચ્ચે નાણાંકીય સંબંધો**

**કલમ - ૨૬૪ થી ૨૯૦(ક)**

→ વિધાનમંડળે ઘડેલા કાયદાના આધાર વિના કોઈ પણ કરવેરા લાદી શકાતા નથી. (કલમ - ૨૬૫)

→ કેન્દ્ર અને રાજયના કાયદાઓથી લેવાતા કરવેરાની તમામ આવક કલમ-૨૬૬ પ્રમાણે સ્થપાયેલ ભારત અને દરેક રાજયના એકત્રિત ફંડ (સંચિત નિધિ)માં જમા થાય છે.

→ આકસ્મિક નાણાંકિય જરૂરિયાતો માટે કેન્દ્ર અને રાજય કક્ષાએ કલમ ૨૬૭ પ્રમાણે આકસ્મિક નિધિ હોય છે. તેમાં સંસદ કે વિધાનસભાએ કાયદાથી નક્કી કરી હોય તેટલી રકમ મુકવામાં આવે છે. કેન્દ્રનું આકસ્મિક ફંડ રાષ્ટ્રપતિ અને

રાજયનું - રાજયપાલના હસ્તક રહેશે.

- આકસ્મિક ફંડમાંથી રાષ્ટ્રપતિ કે રાજયપાલની મંજૂરીથી કાયદાની રૂએ મળેલી સત્તાથી જ નાણાં ઉપાડી શકાય છે.
- કલમ-૨૬૮ : સ્ટેમ્પ ડ્યુટી, દવા, પ્રસાધન (ટોઈલેટ)ના સાધનો પર કેન્દ્રએ નાખેલી જકાત દરેક રાજય પોતાની હદમાં વસૂલ કરી તેનો ઉપયોગ કરશે.
- કલમ-૨૬૯ : કેન્દ્રએ નાખેલા વારસાવેરા, એસ્ટેટ ડ્યુટી, ટર્મિનલ ટેક્ષ, રેલવે ભાડા તથા નૂર પરનો વેરો, સ્ટોક એક્ષચેન્જ અને વાયદા બજાર, અખબારી જાહેરાતો, આંતર-રાજય ખરીદ વેચાણ વગેરે દ્વારા થતી આવકો નાણાંપંચે ઘડેલા ચોક્કસ સિદ્ધાંતો પ્રમાણે રાજયોને ફાળવવાની થાય છે. તેમાં કેન્દ્રનો ભાગ હોતો નથી.
- કલમ-૨૭૦ : આવકવેરો નાખવાની સત્તા કેન્દ્રને છે. પરંતુ નાણાપંચની ભલામણ અનુસાર તેને કેન્દ્ર અને રાજયો વચ્ચે ફરજિયાત ફાળવવાનો થાય છે.
- કલમ-૨૭૧ : ૨૬૯ અને ૨૭૦માંના કેન્દ્રિય વેરા પર કેન્દ્ર સરચાર્જ લઈ શકે છે. જે કેન્દ્ર પાસે જ રહે છે.
- કલમ-૨૭૨ : કેન્દ્રિય આબકારી જકાતો કેન્દ્ર જ વસૂલ કરે છે. જેનો અમુક ભાગ નાણાંપંચની ભલામણો અનુસાર રાજયોને આપવો કે કેમ ? તે બાબત કેન્દ્રની મરજી પ્રમાણેની રહેશે.
- કલમ-૨૭૩ : આસામ, બિહાર, ઓરિસ્સા અને પ. બંગાળના રાજયોને શણ અને શણની બનાવટો પરની નિકાસ-જકાતની આવકનો ભાગ આપવાને બદલે ઠરાવેલી અમુક રકમ દર વર્ષે ભારત સરકારના એકત્રિત ફંડ ખાતે ઉઘરાવવામાં આવે છે.
- રાજયોનું હિત હોય તેવા કરને અસર કરતા વિધાયકો રજૂ કરવા માટે રાષ્ટ્રપતિની અગાઉની ભલામણ મેળવવી પડે - રાજયોનું હિત હોય તેવો કર એટલે જેની કુલ ચોખ્ખી આવક કે તેનો કોઈ ભાગ રાજયને સોંપી દેવાનો હોય તેવો કર અથવા જેની ચોખ્ખી આવકને બદલે ભારતના એકત્રિત ફંડમાંથી રાજયને તે સમયે રકમો આપવાની હોય તેવો કર (કલમ-૨૭૪)
- કલમ-૨૭૫ : કેન્દ્રના કરવેરામાંથી રાજયોને આપવામાં આવતાં ફાળા ઉપરાંત વિકાસ અને કલ્યાણ રાજયની યોજનાઓ જેવી લાંબા ગાળાની જરૂરિયાતો માટે નાણાંપંચની ભલામણોને આધારે કેન્દ્ર રાજયોને વધારાની સહાયક ગ્રાંટ આપે છે.
- અનુસૂચિત જાતિ અને જનજાતિના ઉત્કર્ષ માટે કેન્દ્રના આદેશ મુજબ કરાયેલી યોજનાઓ માટે પણ કેન્દ્ર રાજયોને ખાસ ગ્રાન્ટ આપે છે.
- કલમ-૨૭૬ : કોઈ રાજયને કે તેમાંની કોઈ નગરપાલિકા, જિલ્લા બોર્ડ, લોકલ બોર્ડ કે બીજા સ્થાનિક સત્તામંડળને વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર પરના કર તરીકે વ્યક્તિદીઠ આપવાની થતી કુલ રકમો વાર્ષિક અઢી હજાર રૂપિયા કરતા વધુ થવી જોઈએ નહિં.
- કલમ-૨૭૯ : કોઈ વિસ્તારની કે તેમાંથી મળેલ કર, ડ્યુટી કે તેના કોઈ ભાગની ચોખ્ખી ઉપજ ભારતના નિયંત્રક - મહાલેખા પરીક્ષકે નક્કી કરીને પ્રમાણિત કરવી જોઈશે. આ માટે CAG નું પ્રમાણપત્ર આખરી ગણાય છે.
- કલમ-૨૮૫ : રાજયે અથવા રાજયની અંદરના કોઈ સત્તાધિકારીએ નાખેલા તમામ કરમાંથી સંઘની મિલ્કત મુક્ત રહેશે.
- કલમ-૨૮૬ : આંતર રાજય ખરીદ વેચાણ કે ભારતના રાજયક્ષેત્રની અંદર આયાત-નિકાસ પર જે-તે રાજય કોઈ પણ કાયદાથી કર નાખી શકે નહિં.
- કલમ-૨૮૭ : વીજળીની વપરાશ કે વેચાણ પર કોઈ રાજય કર નાખી શકે નહિ.
- કલમ-૨૮૯ : રાજયની મિલકત અને આવક સંઘના કરવેરામાંથી મુક્ત છે. પરંતુ રાજય સરકાર દ્વારા કરવામાં આવતાં વેપાર કે ધંધાથી ઊભી થતી આવક પર સંસદે કરેલી જોગવાઈ અનુસાર સંસદ કર નાખી શકે.
- કલમ-૨૯૦(ક) : દર વર્ષે કેરલ રાજયના એકત્રિત ફંડમાં ૪૬ લાખ ૫૦ હજાર રૂપિયાની રકમો ઉધારીને ત્રાવણકોર દેવસ્વમ ફંડને આપવામાં આવશે. અને તમિલનાડું રાજયના એકત્રિત ફંડ ખાતે ૧૩ લાખ ૫૦ હજાર રૂપિયાની રકમો

ઉધારીને ત્રાવણકોર કોચીન રાજયમાંથી ૧૯૫૬માં ૧લી નવેમ્બરના રોજ તે રાજયને ફેરબદલ કરેલા રાજયક્ષેત્રમાંના હિંદુ મંદિરો અને દેવાલયોના નિભાવ માટે તે રાજયમાં સ્થપાયેલા દેવસ્વમ્ ફંડને આપવામાં આવશે.

- ***ચૂંટણીઓ***

***(ભાગ - ૧૫, કલમ-૩૨૪ થી ૩૨૯)***

➞ સંસદ અને દરેક રાજયોના વિધાન મંડળની તમામ ચૂંટણીઓનું સંચાલન, દેખરેખ, દોરવણી અને નિયંત્રણ ચૂંટણી આયોગ કરે છે.

➞ વિધાનસભા, લોકસભા કે વિધાન પરિષદની ચૂંટણી પહેલાં ચૂંટણી આયોગને મદદ કરવા માટે તેની સાથે વિચાર વિનિમય કરીને રાષ્ટ્રપતિ પ્રાદેશિક ચૂંટણી કમિશ્નરોની નિમણૂંક કરી શકે છે.

➞ ચૂંટણી કમિશ્નરો અને પ્રાદેશિક કમિશ્નરોના હોદ્દાની મુદ્દત રાષ્ટ્રપતિ ઈચ્છે ત્યાં સુધીની હોય છે. પરંતુ મુખ્ય ચૂંટણી કમિશ્નરને હોદ્દા પરથી દૂર કરવા મહાભિયોગની પ્રક્રિયા તથા અન્ય ચૂંટણી કમિશ્નરો કે પ્રાદેશિક કમિશ્નરોને મુખ્ય ચૂંટણી કમિશ્નરની ભલામણ મેળવીને જ દૂર કરી શકાય છે.

➞ ભારતના બંધારણમાં નાગરિકોની પસંદગીના પ્રતિનિધિઓ વાળી લોકશાહી વ્યવસ્થા અપનાવવામાં આવી છે.

➞ શ્રી એસ.એસ. ધનોઆ વર્સીસ ભારત સરકારના કેસમાં સુપ્રીમ કોર્ટે જાહેર કર્યું કે, મુખ્ય ચૂંટણી કમિશ્નરને પંચના અન્ય કમિશ્નરો સાથે સત્તા અને અધિકારોની બાબતમાં સમકક્ષ ગણી શકાય નહિ. (૧૯૯૧)

➞ શ્રી ટી.એન. શેષાન વર્સીસ ભારત સરકારના કેસમાં સુપ્રીમ કોર્ટે જાહેર કર્યું કે ચૂંટણી કમિશ્નરનો હોદ્દો સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓની સમકક્ષ ગણી શકાય નહિ.

➞ મુખ્ય ચૂંટણી કમિશ્નરની સેવાની શરતોમાં તેમની નિમણૂંક બાદ તેમને ગેરલાભ થાય તેવો કોઈ ફેરફાર કરી શકશે નહિ. જયારે અન્ય ચૂંટણી કમિશ્નરોના કિસ્સામાં આવું કોઈ બંધન નથી.

➞ અનુકૂલ પ્રધાન વર્સીસ ભારત સરકારના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, મતદાન કરવાનો અધિકાર મૂળભૂત અધિકાર નથી (૧૯૯૭)

➞ કલમ-૩૨૭થી સંસદને - ચૂંટણી તંત્ર અને ચૂંટણીની પ્રક્રિયા અસરકારક અને કાર્યક્ષમ બનાવવા માટે જરુરી કાયદા ઘડવાની સત્તા મળી છે.

➞ રાજયના વિધાન મંડળની ચૂંટણીઓ બાબતે કાયદા ઘડવાની સત્તા વિધાનસભાને ૩૨૮ કલમથી મળી છે.

➞ કલમ-૩૨૭ અને ૩૨૮થી મળેલી સત્તાને આધારે ઘડેલા કાયદા સામે કોઈ પણ ન્યાયાલયમાં વાંધો ઉઠાવી શકાય નહિં. (ક-૩૨૯)

➞ કલમ ૩૨૭થી મળેલી સત્તાને આધારે સંસદે નીચેના કાયદા ઘડ્યા છે.

1. The Peoples Representation Act, 1950
2. The delimitation commission Act, 1952
3. The Presidential & Vice Presidential Election Act, 1952.

➞ મતદાર યાદી તૈયાર કરવાની કાર્યવાહી ચંટણી પ્રક્રિયાનો ભાગ નથી. પરંતુ વસ્તી ગણતરી પછી થતી એક સામાન્ય કાર્યવાહી છે.

➞ ચૂંટણીના વિવાદોને કોર્ટની હુકૂમતથી બહાર રાખેલ હોવા છતાં સુપ્રીમકોર્ટે જણાવ્યું છે કે, આ પ્રતિબંધ ચૂંટણી થવા પૂર્વેની બાબતો માટે છે. ચૂંટણી દરમિયાન થયેલી ગેરરીતિઓ માટે ચૂંટણી પૂરી થવા થયા બાદ કોર્ટમાં ફરિયાદ કરી શકાય છે.

➞ A.G. Jose Vs. Shivam Pillai નો કેસ (૧૯૮૪) :

કેરળ રાજયમાં સ્થાનિક ચૂંટણી દરમિયાન કેટલાક મતદાર મથકોમાં ઈલેકટ્રોનિક મતદાર યંત્રનો ઉપયોગ ચૂંટણીપંચે કર્યો. આ બાબત કાયદા વિરુદ્ધની છે એવું ઠરાવવા થયેલી રીટમાં સુપ્રીમકોર્ટે જાહેર કર્યું કે, કાયદામાં બેલેટ પેપરની જોગવાઈ હોવા છતાં ઈલે. મશીનનો ઉપયોગ કરવાનું કાર્ય પંચ દ્વારા કાયદામાં સુધારો કરવા જેવું છે. આ મુદ્દા પર

ચૂંટણી રદ કરવામાં આવી હતી.

પરંતુ ત્યારબાદ ૧૯૮૯માં ૬૧માં બંધારણીય સુધારાથી તથા તે અંગે પીપલ્સ રીપ્રેઝન્ટેટીવ એક્ટમાંના આનુષંગિક સુધારાથી ઈલેક્ટ્રોનિક મતદાનની પદ્ધતિ અપનાવવાનું નક્કી થયું. અને લઘુત્તમ વય મર્યાદા પણ ૨૧ વર્ષથી ઘટાડી ૧૮ વર્ષ કરી હતી. ઈ.વી.એમ.નો પ્રાયોગિક ધોરણે ઉપયોગ શરુ કરી અંતે મે, ૨૦૦૪માં ૧૩મી સામાન્ય (સંસદની) ચૂંટણીમાં સમગ્ર દેશમાં સફળતાપૂર્વક ઈ.વી.એમ. નો ઉપયોગ થયો.

→ ચૂંટણીનું આયોજન કરવાની સત્તા ચૂંટણીપંચને છે. પરંતુ આવી સત્તા આપખુદ નથી. આ અંગેના તમામ નિર્ણયો સુપ્રીમકોર્ટના ન્યાયિક અવલોકનને પાત્ર છે.

→ રાજકારણમાંથી ભ્રષ્ટાચાર અને ગુનાખોરીને નાબૂદ કરવા માટે તા. ૧૦/૦૭/૨૦૧૩ના ચુકાદામાં સુપ્રીમકોર્ટે જાહેર કર્યું કે, બે વર્ષથી વધુ સજા પામેલા ગુનેગારો છ વર્ષ માટે કોઈ પણ ચૂંટણી માટે ગેરલાયક રહેશે અને જો એવી વ્યક્તિ અગાઉ ચૂંટાઈ હશે તો તેનું સભ્યપદ આપોઆપ રદ થશે.

## ● Right to Reject *નો અધિકાર* (RTR) :

તા.૨૭/૦૯/૨૦૧૩ ના ચુકાદાથી સુપ્રીમકોર્ટે મતદારનો Right to Reject નો નકારાત્મક અધિકાર માન્ય રાખેલ છે. ચૂંટણીમાં ઊભા રહેલા ઉમેદવારો પૈકી એક પણ ઉમેદવાર પસંદ ન હોય તો તે તમામ ઉમેદવારોને અમાન્ય કરવાનો કે તમામ પૈકી એક પણ ઉમેદવાર પસંદ નહિં હોવાનો મત આ Right to Reject ના અધિકારથી મતદાર જાહેર કરી શકે છે.

→ નાગરિકોને મળેલા RTR ના નિર્ણયને સ્પષ્ટ કરવા માટે ઈ.વી.એમ.માં નવું વધારાનું બટન રાખવા કોર્ટે ચૂંટણીપંચને આદેશ આપ્યો હતો.

→ જો કે ડીસેમ્બર, ૨૦૧૩માં પાંચ રાજયોની ચૂંટણીની પ્રક્રિયા પૂરી થયા બાદ જાહેર થયું હતું કે ઈ.વી.એમ.માં નોટા (NOTA) એટલે કે None of the Above વિકલ્પનો ઉપયોગ બહુ ઓછા મતદારોએ કર્યો હતો.

## ● *ન્યાયતંત્રનું એક અગત્યનું અંગ : ટ્રિબ્યુનલો*

***ભાગ-૧૪ (ક) કલમ - ૩૨૩ (ક) અને ૩૨૩ (ખ)***

→ ઝડપી, અનૌપચારિક અને બિનખર્ચાળ ન્યાય વ્યવસ્થા ઊભી કરવા ૪૨માં સુધારાથી ૧૯૭૭માં બંધારણમાં ભાગ-૧૪(ક) ઉમેરવામાં આવ્યો

→ તેમાં કલમ ૩૨૩(ક) અને ૩૨૩(ખ) થી ટ્રિબ્યુનલોની રચના અને કાર્યક્ષેત્ર માટે કાયદો કરવાની સત્તા કેન્દ્ર અને રાજયોના વિધાનમંડળોને આપવામાં આવી.

→ કલમ - ૩૨૩(A) : સરકારી સેવાઓ અંગેની વહીવટી ટ્રિબ્યુનલ :

કેન્દ્ર તથા રાજયોના સરકારી કર્મચારીઓ ઉપરાંત સ્થાનિક કે અન્ય રાજય સંચાલિત જાહેર નિગમોના કર્મચારીઓની ભરતી અને સેવા નિયમોમાંથી ઉત્પન્ન થતાં વિવાદો માટે વહીવટી ટ્રિબ્યુનલો નીમવા માટેનો કાયદો કરવાની સત્તા સંસદને છે.

કેન્દ્ર અને રાજયો માટે જુદી જુદી ટ્રિબ્યુનલોની રચના અને તેની સત્તા આ કાયદાથી નિશ્ચિત થશે. અને કલમ-૧૩૬ હેઠળની સુપ્રીમ કોર્ટની હકૂમત સિવાયની તમામ ન્યાયાલયોની હકૂમત બાકાત રાખી શકાય છે.

→ કલમ- ૩૨૩(B) અન્ય બાબતો અંગેની ટ્રિબ્યુનલ :

સંસદ ઉપરાંત રાજયોના વિધાનમંડળો કાયદા દ્વારા અન્ય બાબતો માટે જુદા જુદા પ્રકારની ટ્રિબ્યુનલોની રચના કરી શકે છે. તેમાં કરવેરા, વિદેશી મુદ્રા, આયાત-નિકાસ, ઔદ્યોગિક અને મજૂરોના વિવાદો, જમીન સુધારણા, મિલકતની ટોચ મર્યાદા, વિધાન મંડળોની ચૂંટણી, ખાદ્ય વસ્તુઓ અને આવશ્યક ચીજવસ્તુઓનું સંપાદન, પુરવઠો અને વિતરણ વગેરે જેવી અનેક બાબતોને લગતા વિવાદો, ગુનાઓ તથા તેને આનુષંગિક અન્ય બાબતો અંગેની ટ્રિબ્યુનલોનો સમાવેશ થાય છે.

→ કલમ-૧૩૬ પ્રમાણે ટ્રિબ્યુનલના નિર્ણયો સામેની અપીલ ફક્ત સુપ્રીમ કોર્ટમાં જ કરી શકાય છે. તેથી ટ્રિબ્યુનલનું

સ્થાન હાઈકોર્ટને સમકક્ષ ગણી શકાય. માત્ર કલમ-૨૨૭માં હાઈકોર્ટ ને મળેલી સત્તા પ્રમાણે હાઈકોર્ટ ટ્રિબ્યુનલની વહીવટી બાબતો પર દેખરેખ રાખી શકે છે.

● **Administrative Tribunal Act, 1985**

→ કલમ-૩૨૩ (A) થી મળેલી સત્તાની રૂએ સંસદે આ કાયદો ઘડી કેન્દ્ર અને રાજયોના સરકારી કર્મચારીઓની ભરતી તથા નોકરીની શરતો અંગેના વિવાદો માટે એક કે વધુ ટ્રિબ્યુનલો રચવાની સત્તા કેન્દ્ર સરકારને આપી છે. જે અન્વયે કેન્દ્ર સરકારે દિલ્હી ખાતે ટ્રિબ્યુનલ અને દેશના જુદા જુદા સ્થળોએ બેસતી ૮ ટ્રિબ્યુનલોની રચના ૦૧/૧૧/૧૯૮૫ થી કરી હતી. જેમાં એક અધ્યક્ષ, એક ઉપાધ્યક્ષ અને બે સભ્યોની નિયુક્તિ કરવાની જોગવાઈ છે.

→ કેન્દ્ર સરકારના કર્મચારીઓ હોવા છતાં સંરક્ષણ સેવાઓ, હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટ તથા સંસદના કર્મચારીઓને આ ટ્રિબ્યુનલની - હકૂમતમાંથી બહાર રાખવામાં આવેલા છે.

● ***અગત્યના સંસદી શબ્દો :***

**૧)** ***ગિલોટીન : (ફ્રેન્ચ શબ્દ છે.)***

જયારે સંસદના અધ્યક્ષને લાગે કે જે તે મુદ્દા પર ચર્ચા માટે કોઈ અવકાશ નથી. ત્યારે તેનો ત્વરીત નિકાલ લાવવા માટે મતદાત પ્રક્રિયાની સૂચના આપે તેને ગિલોટીન કહે છે.

**૨)** ***કામ રોકો પ્રસ્તાવ :***

જયારે કોઈ સભ્ય દ્વારા સાર્વજનિક મહત્ત્વના વિષય પર વિચાર કરવા માટે સદનની વર્તમાન કાર્યવાહી બંધ કરવાનો પ્રસ્તાવ મુકાય તેને કામ રોકો પ્રસ્તાવ કહે છે.

**3)** ***ધ્યાનાકર્ષક પ્રસ્તાવ :***

અધ્યક્ષ કે સભાપતિની અનુમતિથી જયારે કોઈ સભ્ય સાર્વજનિક મહત્ત્વના વિષય તરફ કોઈ મંત્રીનું ધ્યાન દોરે અથવા તેના વિષે પ્રશ્ન પૂછે તો તેને ધ્યાનાકર્ષક પ્રસ્તાવ કહે છે.

**૪)** ***સભા મોકૂફી પ્રસ્તાવ :***

તેનો મુખ્ય હેતુ જાહેર હિતને લગતી કોઈ ખૂબ જ અગત્યની બાબત તરફ ગૃહનું ધ્યાન ખેંચવાનું છે. જો આ પ્રસ્તાવ અધ્યક્ષ દ્વારા મંજૂરી પામે તો સદનની કાર્યવાહી મોકૂફ રાખી તે બાબતને હાથ પર લેવાય છે. આ પ્રસ્તાવ રજૂ કરવા ઓછામા ઓછા ૫૦ સભ્યોની મંજૂરી જરુરી છે.

**૫)** ***અવિશ્વાસનો પ્રસ્તાવ :***

આ પ્રસ્તાવ પ્રથમ વિપક્ષના કોઈ એક કે વધુ સભ્યો દ્વારા રજૂ કરવામાં આવે છે. ત્યાર પછી તેના પર ચર્ચા કરીને અંતે મતદાન પ્રક્રિયા થાય છે. જો આ પ્રસ્તાવ ૨/૩ બહુમતીથી મંજૂર કરાય તો સરકારે રાજીનામું આપવું પડે છે. (આ પ્રસ્તાવ માટે ૨૫% સભ્યોને ટેકો જરુરી છે.) ૧૯૯૦માં વી.પી. સિંહની સરકાર સામે અવિશ્વાસનો મત પસાર થતાં સરકારે રાજીનામું આપવું પડ્યું હતું.

**૬)** ***વિશેષ અધિકાર પ્રસ્તાવ :***

જયારે કોઈ મંત્રીએ કોઈ તથ્ય છૂપાવ્યું હોય કે ખોટી રીતે દર્શાવ્યું હોય ત્યારે સંસદનો કોઈ પણ સભ્ય એ મંત્રી વિરુદ્ધ સંસદ સભ્યોના વિશેષ અધિકારના ભંગ બદલ આવો પ્રસ્તાવ રજૂ કરી શકે છે.

**૭)** ***શૂન્યકાળ :***

સંસદના બંને ગૃહમાં પ્રશ્નકાળ પછીના સમયને શૂન્ય કાળ કહે છે. પ્રશ્નકાળ ૧૨ વાગ્યે પૂર્ણ થાય એટલે શૂન્ય કાળ શરુ થાય છે. શૂન્યકાળમાં પૂર્વ મંજૂરી લીધા વિનાના જાહેર હિતના અગત્યના પ્રશ્નો પર ચર્ચા કરવામાં આવે છે.

**૮)** ***તારાંકિત પ્રશ્નો :***

પ્રશ્નકાળ દરમિયાન પૂછેલા પ્રશ્નનો જવાબ મૌખિક રીતે માગવામાં આવે તેવા પ્રશ્નને તારાંકિત પ્રશ્ન કહે છે. પ્રશ્ન પૂછનાર સભ્ય તારાંક (Star) નું નિશાન કરીને આવા પ્રશ્નને વિશેષ રીતે અંક્તિ કરે છે.

**૯)** ***અતારાંકિત પ્રશ્નો :***

જયારે કોઈ સંસદ સભ્યો પોતે પૂછેલા પ્રશ્નોનો જવાબ લેખિતમાં ઈચ્છે તો આવા પ્રશ્નને અતારાંકિત પ્રશ્ન કહે છે.

**૧૦) વોટ ઓન અકાઉન્ટ :**

ભારતની સંચિત નિધિમાંથી નાણા ઉપાડવા માટે સરકારે સંસદની મંજૂરી લેવી પડે છે. સરકાર દ્વારા સંચિત નિધિમાંથી પૈસા ઉપાડવાની સંસદમાં રજૂ કરવામાં આવતી દરખાસ્તને વૉટ ઑન અકાઉન્ટ કહે છે.

**૧૧) કોરમ :**

કોઈ પણ ગૃહનું કાર્ય શરુ કરવા અમુક લઘુત્તમ સભ્ય સંખ્યાની હાજરી હોવી જરૂરી છે. જેને કોરમ કહે છે. સંસદના બંને સદનમાં કોરમ માટે ૧૦% સભ્યોની હાજરી નક્કી કરવામાં આવી છે.

**૧૨) વોટ ઓફ ક્રેડિટ :**

સરકાર દ્વારા આકસ્મિક કે બિન આયોજિત ખર્ચને પહોંચી વળવા સંચિત નિધિમાંતી પૈસા ઉપાડવા માટે સંસદમાં રજૂઆત કરવામાં આવતા ખરડાને વૉટ ઑફ કહે છે.

## ● પંચાયતી રાજ

**(સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ)**

- સત્તાના વિકેન્દ્રીકરણના ખ્યાલથી પંચાયતી રાજની શરુઆત થઈ.
- તેનું મુખ્ય સૂત્ર પાવર ટુ પીપલ હતું.
- પંચાયતી રાજની સૌપ્રથમ ભલામણ કરનાર : બળવંતરાય મહેતા સમિતિ.
- પંચાયતી રાજને બંધારણીય દરજ્જો આપવાની દરખાસ્ત કરનાર : અશોક મહેતા સમિતિ
- પંચાયતી રાજનું માળખું ત્રિ-સ્તરીય છે.
- એક માત્ર પ.બંગાળમાં ચાર સ્તરીય પંચાયતી રાજ છે.
- પંચાયતી રાજમાં સૌથી ઉપરનું સ્તર - જિલ્લા પંચાયત, વચલુ સ્તર - તાલુકા પંચાયત અને નીચલું સ્તર - ગ્રામ પંચાયત છે.
- જો શહેર હોય તો નીચલું સ્તર ગ્રામ પંચાયતના બદલે નગરપાલિકા કે મહાનગર પાલિકા છે.
- પ. બંગાળમાં ચોથું સ્તર 'બ્લોક' છે.
- સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવાની લઘુત્તમ વય મર્યાદા : ૨૫ વર્ષ

| | પંચાયતી રાજની સંસ્થા | કાયદાકીય વડો | વહીવટી વડો |
|---|---|---|---|
| ૧ | જિલ્લા પંચાયત | પ્રમુખ | DDO |
| ૨ | તાલુકા પંચાયત | પ્રમુખ | TDO |
| ૩ | ગ્રામ પંચાયત | સરપંચ | તલાટી |
| ૪ | નગરપાલિકા | પ્રમુખ | ચીફ ઑફિસર |
| ૫ | મહાનગર પાલિકા | મેયર | મ્યુનિસિપલ કમિશ્નર |

- સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને પોતાના અધિકાર ક્ષેત્રનો વિકાસ કરવા અલગ બજેટ બનાવવાનો, નવી યોજના બનાવવાનો અને તેનો અમલ કરાવવાનો અધિકાર છે.
- ૭૩માં બંધારણીય સુધારા દ્વારા ૧૯૯૨માં પંચાયતી રાજની સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો.
- ૭૪મો બંધારણીય સુધારો નગરપાલિકા કે મહાનગર પાલિકાને લગતો છે.
- પંચાયતી રાજની સંસ્થાઓને વધુ સમય સ્થગિત રાખી શકાય નહિ. એટલે કે તેનું કોઈ પદ ખાલી હોય તો ૬ મહિનામાં ચૂંટણી કરવી અનિવાર્ય છે.
- કાર્યકાળ : ૫ વર્ષ
- પંચાયતી રાજની સંસ્થાઓને પોતાના અધિકારક્ષેત્રમાં નવા કર લાદવાની પણ સત્તા છે.
- ભારતમાં સૌપ્રથમવાર પંચાયતી રાજનો અમલ ૧૯૫૯માં રાજસ્થાનના નાગોર જિલ્લાથી અને આંધ્રપ્રદેશમાં થયો.

→ ગુજરાતમાં પંચાયતી રાજનો અમલ ૧ એપ્રિલ, ૧૯૬૩માં ડૉ. જીવરાજ મહેતાના કાર્યકાળમાં થયો.

● **સેક્રેટરી જનરલ**

→ લોકસભામાં સેક્રેટરી જનરલની નિમણૂંક લોકસભાના અધ્યક્ષ અને રાજયસભામાં રાજયસભાના અધ્યક્ષ કરે છે.

→ તેમનું મુખ્ય કાર્ય સ્પીકર અને ગૃહ વચ્ચેની કડી જેવું છે.

→ તે લોકસભામાં થતા કાર્યોની નોંધ રાખે છે અને રાષ્ટ્રપતિના હૂકમથી સભ્યોને સત્રમાં હાજર રહેવાનું ફરમાન મોકલે છે.

→ ગૃહના વિસર્જન સમયે પણ તેમનું કાર્ય ચાલુ રહેતું હોવાથી તેમને ગૃહના કાયમી સભ્ય કહે છે.

→ વય નિવૃત્તિ : ૬૦ વર્ષે

● **અગત્યની યાદ રાખવા જેવી બાબતો**

→ ૫મી લોકસભાનો કાર્યકાળ સૌથી લાંબો હતો - ૫ વર્ષ ૧૦ માસ (તે સમયે વડાપ્રધાન - ઈંદિરા ગાંધી)

→ ૧૨મી લોકસભાનો કાર્યકાળ સૌથી ઓછો હતો - ૧ વર્ષ, ૧ માસ
વડાપ્રધાન - અટલબિહારી વાજપેયી

→ સૌથી લાંબો સમય લોકસભાના અધ્યક્ષ રહેનાર : બલરામ જાખડ

→ સૌથી વધુ સમય મુખ્યમંત્રી પદ પર રહેનાર : જયોતિ બસુ (પ. બંગાળ)

→ સ્વતંત્ર ભારતના પ્રથમ શ્રમપ્રધાન : જગજીવનરામ

→ ભારતના પ્રથમ રેલવેપ્રધાન : જહોન મથાઈ

→ ભારતમાં સૌપ્રથમ બજેટ રજૂ કરનાર નાણા પ્રધાન : આર. કે. શણમુખમ શેટ્ટી

→ દેશના પ્રથમ સર સેનાપતિ : કે. એમ. કરિઅપ્પા

→ Central legislative Assembly (CLA) : (કેન્દ્રિય ધારાસભા)ના પ્રથમ ભારતીય અધ્યક્ષ : વિઠ્ઠલભાઈ પટેલ

→ દેશના સૌપ્રથમ ફિલ્મ માર્શલ : જનરલ શામ માણેક શા
તેઓએ બાંગ્લાદેશને આઝાદી અપાવવામાં મુખ્ય ફાળો આપ્યો. તેઓ ગુજરાતના હતા.

→ ૧૯૨૪થી રેલવે બજેટને સામાન્ય બજેટથી અલગ કરવામાં આવ્યું. (તાજેતરમાં લેવાયેલ નિર્ણય અનુસાર ૯૨ વર્ષની આ પરંપરાનો અંત આવશે.)

→ સૌપ્રથમ નાણાપંચના અધ્યક્ષ : કે.સી. નિયોગી

→ પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશ્નર : સુકુમાર સેન

→ પ્રથમ શિક્ષણમંત્રી : અબુલ કલામ આઝાદ

→ લોકસભાના પ્રથમ ઉપાધ્યક્ષ : અનંત સૈયનમ્ આયંગર

→ પ્રથમ આરોગ્યમંત્રી : રાજકુમારી અમૃતા કૌર

→ પ્રથમ કાયદામંત્રી : બી. આર. આંબેડકર

→ પ્રથમ ગૃહમંત્રી : સરદાર વલ્લભભાઈ પટેલ

→ શારદા ઍક્ટ એ બાળલગ્નને સંબંધિત કાયદો છે.

→ ન્યાયતંત્રમાં વપરાતું સૂત્ર : ધર્મ ત્યાં જય

→ કોઈ રાજયના મુખ્યમંત્રીને જો વિધાનસભામાં ચૂંટાવાનું બાકી હોય તો તેઓ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાગ લઈ શકતા નથી.

→ સંસદ સભ્ય લાભનો હોદ્દો ધરાવે છે કે નહિં તે સંસદ નક્કી કરે છે.

→ દેશના પ્રથમ બિનકોંગ્રેસી મુખ્યમંત્રી : ઈ. એસ. નામ્બુદ્રિપાદ

- લોકસભામાં પ્રથમ મહિલા સાંસદ : રાજકુમારી અમૃતા કૌર
- વિરોધપક્ષના પ્રથમ મહિલા નેતા : સોનિયા ગાંધી
- ભારતમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી : સુચેતા કૃપલાની (ઉત્તરપ્રદેશ)
- સંસદસભ્ય અન્ય કોઈ હોદ્દો ધરાવી શકે નહિ : (કલમ-૧૦૨)
- પંચાયતી રાજની સમીક્ષા માટે ૧૯૭૮માં રચાયેલી સમિતિના અધ્યક્ષ : અશોક મહેતા
- બંધારણની કલમ-૩૨૬ માં સુધારો કરી મતદારની લઘુત્તમ વયમર્યાદા ૨૧ ને બદલે ૧૮ કરવામાં આવી છે.
- લોકસભામાં પ્રથમ વિરોધ પક્ષના નેતા : રામસુભગ સિંહ
- લોકસભામાં પ્રથમ મહિલા અધ્યક્ષ : મીરાકુમાર
- ભાષા આધારિત રાજયોના પુનઃનિર્માણમાં સૌ પ્રથમ કયા રાજયની સ્થાપના થઈ?
  આંધ્રપ્રદેશ, ૧લી ઓકટોબર, ૧૯૫૩, પો.ટી.સી. રામુલ્લુ
- કાયદાના શાસનના પિતા : જનરલ ડાયસી
- ભારત દેશમાં મહિલાઓને કયારથી મતાધિકાર પ્રાપ્ત થયો ? (૧૯૨૬થી)
- રેપોરેટ અને રિવર્સ રેપોરેટનું નિયમન કોણ કરે છે ? (RBI)
- પ્રથમ મહિલા રાજયપાલ (ભારતમાં) : સરોજીની નાયડુ
- પ્રથમ ગુજરાતી મહિલા રાજયપાલ : શારદા મુખરજી
- પ્રથમ મહિલા રેલવેપ્રધાન : મમતા બેનર્જી
- ભારત રત્ન મેળવનાર પ્રથમ મુખ્યમંત્રી : સી. રાજગોપાલાચારી
- કયા કેસમાં ન્યાયિક પુનર્વિચારણાને બંધારણનું મૂળભૂત પાસું ગણાવ્યું?
  મીનરવા મીલ કેસ